ગુજરાત સમાચાર
ગુરુવાર, ૨૯-૧૦-૨૦૨૬

# ધર્મલોક

## તમારું જીવન પ્રકાશિત રહે

## દિવાળીની હાર્દિક શુભેચ્છા

તમારા જીવનમાં પ્રકાશ, પ્રેમ, સમૃદ્ધિ અને નવી આશાઓનો સંચાર થાય એવી શુભેચ્છા.

| | | |
|---|---|---|
| ૫ નવેમ્બર ૨૦૨૬ | ગુરુવાર | વાઘ બારસ |
| ૬ નવેમ્બર, ૨૦૨૬ | શુક્રવાર | ધનતેરસ |
| ૭ નવેમ્બર, ૨૦૨૬ | શનિવાર | કાલી ચૌદસ |
| ૮ નવેમ્બર, ૨૦૨૬ | રવિવાર | દિવાળી |
| ૯ નવેમ્બર, ૨૦૨૬ | સોમવાર | પડતર દિવસ |
| ૧૦ નવેમ્બર, ૨૦૨૬ | મંગળવાર | બેસતું વર્ષ |
| ૧૧ નવેમ્બર, ૨૦૨૬ | બુધવાર | ભાઈબીજ |
| ૧૪ નવેમ્બર, ૨૦૨૬ | શનિવાર | લાભ પાંચમ |

# અષ્ટછાપ કવિ ગોવિંદ સ્વામીની અદ્ભુત સખ્યભક્તિ

'ખેલત રસ રાસ રસિક રાધિકા
ગુપાલ લાલ
વ્રજ વનિતા મંડલ મધિ
દંપતિ સુખકારી ।

**વિચાર-વીથિકા**

**દેવેશ મહેતા**

નાચત ગતિ સુઘંગ ચાલિ
હસ્તક ગહે ભેદ લિએ
તાલ મૃદંગ ઝાંઝ બજાવત
બાંસુરી રસારી ॥
તત તત તત થેઈ થેઈ કહિ
ગાવત કેદારો રાગ
જમુના પુલિન સરદ રૈનિ
નટવર મન હરન મૈન,
ગિરિવરધર છવિ નિહારિ
ગોવિંદ બલિહારી ॥'



રસના રસિક શ્રીકૃષ્ણ અને રાધિકા રાણી વ્રજની ગોપીઓના સમૂહની વચ્ચે આનંદપૂર્વક રાસલીલા ખેલી રહ્યા છે. આ દિવ્ય યુગલ બધાને સુખ પ્રદાન કરનારું છે. રાધા-કૃષ્ણ સુંદર લય અને મનોહર ચાલથી નૃત્ય કરી રહ્યા છે. એમના હાથની મુદ્રાઓ અને નૃત્યની વિવિધ ગતિઓ અત્યંત આકર્ષક છે. ચારે તરફ મૃદંગ અને ઝાંઝ તાલ આપી રહ્યા છે અને વાંસળીનો મધુર ધ્વનિ વાતાવરણને આનંદમય બનાવી રહ્યો છે. નૃત્યની સાથે તત્-તત્-તત, થેઈ થેઈ જેવા બોલ ગૂંજી રહ્યા છે અને કેદાર રાગ ગવાઈ રહ્યો છે. રાધા-કૃષ્ણ પ્રેમપૂર્વક ક્રીડા કરી રહ્યા છે. જેનાથી અત્યંત ગહન પ્રેમ અને આનંદ રસની ઉત્પત્તિ થઈ રહી છે. શરદઋતુની ચાંદની રાતમાં યમુનાના તટ પર મનમોહક નટવર શ્રીકૃષ્ણ પોતાના અનુપમ સ્વરૂપથી બધાનું મન મોહી રહ્યા છે. ગોવર્ધન પર્વતને ધારણ કરનારા શ્રીકૃષ્ણના આ અદ્ભુત અને મનોહર રૂપને જોઈને કવિ ગોવિંદસ્વામી (ગોવિંદદાસ) એમના પર ન્યોછાવર થઈ જાય છે.'

ગોવિંદ સ્વામીનો જન્મ વ્રજ પાસે આંતરી નામના ગામમાં સંવત ૧૫૬૨ (ઇ.સ.૧૫૦૫)માં થયો હતો. બાળપણથી જ તેમનામાં વૈરાગ્ય અને ભક્તિના અંકુર ફૂટયા હતા. થોડો સમય ગૃહસ્થાશ્રમ ભોગવ્યા પછી તેમણે ઘર છોડી દીધું હતું. અને વૈરાગ્ય લઈ લીધો હતો. મહાવનમાં જઈને ભગવાનના ભજન અને કીર્તન કરવા લાગ્યા હતા. ગોવિંદસ્વામી ગાન વિદ્યાના આચાર્ય હતા. તેમને કાવ્ય અને સંગીત બન્નેનું પૂર્ણપણે જ્ઞાન હતું. શ્રીગુસાંઈજી વિઠ્ઠલનાથજી એમની ભક્તિ નિષ્ઠા અને સંગીત માધુરીથી પરિચિત હતા. ગોવિંદસ્વામીએ ગોકુળ આવીને ગુસાંઈજી પાસેથી બ્રહ્મસંબંધ લીધા. પછી તે ગોવિંદસ્વામી માંથી ગોવિંદદાસ થઈ ગયા. ગોવર્ધનની પાસે કદંબ વૃક્ષોની એક મનોહર વાટિકામાં તે રહેવા લાગ્યા હતા. તે સ્થાન 'ગોવિંદદાસ કી કદંબખડી' નામથી પ્રસિદ્ધ છે. ગુસાંઈજી વિઠ્ઠલનાથજીએ એમને કવીશ્વરનું બિરુદ આપી સમલંકૃત કર્યા હતા અને 'અષ્ટછાપ' કવિઓમાં સમાવિષ્ટ કર્યા હતા. સંગીત સમ્રાટ તાનસેન પણ એમની સંગીત માધુરીનું આસ્વાદન કરવા ઘણીવાર આવતા હતા.

ગોવિંદસ્વામી ભગવાન શ્રીકૃષ્ણની સખ્ય ભાવથી ભક્તિ કરતા એટલે કે ભગવાન શ્રીકૃષ્ણને પોતાના સખા (મિત્ર) માનીને એમની ભક્તિ કરતા. ભગવાન પણ ગોવિંદસ્વામી એમના અંતરંગ સખા છે એવો અનુભવ કરાવતા. શ્રીનાથજી પ્રભુ સ્વયં સાક્ષાત્ પ્રગટ થઈ એમની સાથે ખેલતા અને બાળલીલાઓ કરતા. એકવાર શ્રી ગુસાંઈજી શ્રીનાથજીનો શૃંગાર (શણગાર) કરતા હતા ત્યારે ગોવિંદસ્વામી જગમોહનમાં કીર્તન કરતા હતા. તે વખતે શ્રી નાથજીએ ટીખળી મિત્રો કરે એમ ગોવિંદસ્વામીને થોડી થોડી વારના અંતરે આઠ કાંકરી મારી. એ પછી ગોવિંદસ્વામીથી રહેવાયું નહીં. એમણે પણ એક કાંકરી ઉઠાવી શ્રીનાથજીને મારી, શ્રીનાથજી કાંકરી મારતા ત્યારે એવી સિફ્તપૂર્વક મારતા કે ગુસાંઈજીનું ધ્યાન ના જાય. પરંતુ ગોવિંદ સ્વામીએ શ્રીનાથજીને કાંકરી મારી તે ગુસાંઈજી જોઈ ગયા. તેમણે ગોવિંદ સ્વામીને ઠપકો આપતા કહ્યું- 'અરે ! ગોવિંદ દાસ આ શું કર્યું ? શ્રીનાથજી ભગવાનને કાંકરી મારી ? ' તેના જવાબમાં ગોવિંદદાસ સહજ રીતે બોલી ઉઠ્યા- 'શ્રીનાથજીએ મને એક-બે વાર નહીં, આઠ વાર કાંકરી મારી ત્યારે તમે કશું બોલ્યા નહીં, અને મેં એકવાર કાંકરી મારી તો મને કહો છો !' આ સાંભળીને શ્રીગુસાંઈજી નિરુત્તર થઈ ગયા અને મંદ મંદ સ્મિત કરવા લાગ્યા. તેમણે ગોવિંદસ્વામીના ભાગ્યની પ્રશંસા કરી અને કહ્યું- 'ધન્ય છે ગોવિંદદાસ તમને કેમકે ભગવાન શ્રીનાથજી તમારી સાથે આ રીતે બાળભાવથી ખેલે છે.

# ઘડપણ પહેલાં સમજણ આવવી જોઈએ

ગૌતમ ઋષિના પુત્રનું નામ ચિરકારી હતું. તેને પિતા કરતાં માતા પ્રત્યે વધારે લાગણી હતી. એકવાર માતા નદી કિનારે જળ ભરવા ગઈ હતી. ગૌતમ ઋષિ યજ્ઞ માટે જળની રાહ જોઈ રહ્યા હતા. તે આમતેમ આંટા મારતા હતા. માતાને આવતાં સહેજ મોડું થયું એટલામાં તો તે ધૂંવાંપૂવાં થઈ ગયા. માતાને આવતાં જોતાં જ ત્યાં બેઠેલા પુત્રને આજ્ઞા કરી. 'પુત્ર, આજે તારી માતાએ યજ્ઞ માટે જળ લાવવામાં મોડું કર્યું છે. તેણે ધર્મ સાચવવામાં અતિક્રમણ કર્યું છે, અપરાધ કર્યો છે, પુત્ર, તું તારી માતાનો વધ કરી નાખ !!'' ગૌતમ ઋષિ પુત્રને વધ કરવાની આજ્ઞા આપી ગુસ્સામાં આશ્રમ બહાર જતા રહ્યા. હવે ? પિતાની આજ્ઞાનું પાલન કરવું પુત્રનો ધર્મ છે. અને માતાની રક્ષા કરવી પુત્રનો સ્વધર્મ છે. જ્યારે ધર્મના બે વિચાર સામસામે આવી જાય તો કયા ધર્મને શ્રેષ્ઠ માની પાલન કરવું ? ચિરકારી વેદાભ્યાસી હતો. શાંતચિત્તથી વિચાર કરનારો હતો. આશ્રમમાં હજુ તે જ્ઞાન પ્રાપ્ત કરી રહ્યો હતો. પિતાની આજ્ઞામાં તેને થોડો અહમ્, થોડી ઉતાવળ લાગી. તેને લાગ્યું અડધી ઉંમરે પહોંચેલા માણસમાં બુદ્ધિની સ્થિરતા આવી જવી જોઈએ. ક્રોધમાં ગમે તેવો નિર્ણય ઈને પસ્તાવું પડે તેવું કર્મ ના કરવું જોઈએ. કર્મના પરિણામનો વિચાર કરી તેનો અમલ કરવો જોઈએ. ચિરકારીએ વિચાર્યું, પુરૂષ સ્ત્રીનું ભરણપોષણ કરે ત્યાં સુધી જ તેનો સ્વામી ગણાય. જ્યાં સુધી રક્ષા કરે ત્યાં સુધી જ તેનો પતિ ગણાય. જે પતિ પત્નીની રક્ષા ના કરી શકે તે પતિ કેવો ? અને, આમાં પત્નીનો કોઈ અપરાધ નથી. તેણે કોઈ પાપ કર્યું નથી. તો મારાથી નિરપરાધી માતાની હત્યા કેવી રીતે થઈ શકે ? તેણે વધ કરવાની આજ્ઞાનું પાલન ના કર્યું. બીજીબાજુ થોડે દૂર ગયા પછી ગૌતમ ઋષિનો આવેશ શાંત થયો. તેમને લાગ્યું, પુત્રને આવી આજ્ઞા આપી તેમણે ભૂલ કરી છે. આ બુદ્ધિપૂર્વકની કે સમજદારીપૂર્વકની વાત નથી. ફક્ત મારો અહમ્ સાચવવાની વાત છે. તેમને મનોમન પસ્તાવો થયો. તે તરત ઉતાવળે પગલે પાછા ફર્યા.

આશ્રમમાં આવી તેમણે જોયું ચિરકારી અભ્યાસ કરી રહ્યો હતો. પત્ની યજ્ઞ માટેના સાધનો એકઠાં કરવાની તૈયારી કરી રહી હતી. વાતાવરણ સહજ લાગતું હતું. પણ ગૌતમનું મન ભરાઈ આવ્યું. તેમણે પુત્ર સામે જોયું. આંખો ભીની થઈ ગઈ. તે ચિરકારીને ભેટી પડ્યા. પછી પતિ-પત્નીની નજરો મળી. પત્નીએ પતિની આંખોમાં ભારો ભાર પસ્તાવો જોયો. 'સ્વામી, આપણો પુત્ર ભલે યુવાન છે છતાં સમજુ છે. કર્મ કરતાં પહેલાં પરિણામનો વિચાર કરી શકે છે અને તમે, ...... વ્યાકુળ થઈ જાવ છો. ગભરાટમાં, ગુસ્સામાં ના લેવાનો નિર્ણય લઈ લો છો. (પ્રજ્ઞાઃ સ્વર્ગો મતઃ સતામ્ બુદ્ધિ, પ્રજ્ઞા, સમજણ - એ સારા માણસનું સ્વર્ગ મનાયું છે. (પ્રજ્ઞા નિઃશ્રેયસી લોકે) સમજણ જગતમાં સુખ આપનાર છે.'

માણસો ચાર પ્રકારના હોય છે, (૧) ધીરે ધીરે ઉંમર વધતી જાય પણ સ્વભાવ એવોને એવો જ રહે. તે મૂર્ખ ના મૂર્ખ જ રહે, (૨) જેમ જેમ ઉંમર વધતી જાય, અનુભવો થતા જાય એમ એમ સ્વભાવમાં સુધારો થતો જાય અને સમજદાર બનતા જાય, (૩) એવા જે બુદ્ધિશાળી હોય, સમજદાર હોય, જ્ઞાની પણ હોય છતાં તે પોતાનો સ્વાર્થ સાધવા પૂરતું જ જીવન જીવતા હોય તેમનામાં આદર્શ જીવન જીવવાના કોઈ નક્કર વિચાર જ ના હોય, (૪) એવા જે બીજાના સદ્ગુણોમાંથી પણ ગુણ ગ્રહણ કરી વધુને વધુ સમજદાર બનતા રહે. તે ખુદને સાચવવા બીજાને કદી નુકસાન ના કરે. તેમનું જીવન બીજના ચંદ્રની માફક પુનમ સુધી ધીરે ધીરે ખીલતું જ રહે. શીતળ ચાંદની વારસાવતું જ રહે.

અડધી ઉંમર વટાવ્યા પછી પણ અણસમજુ માણસ સાવ નાની નાની બાબતે બધાની વચ્ચે જીદે ચઢે છે. મારે સાત વાગ્યે ચા જોઈએ જ. ચા-માં ફૂદીનો જોઈએ જ. અમુક જ ટુથપેસ્ટ જોઈએ. અમુક જ સાબુ જોઈએ. દાળ-શાકમાં સહેજ મીઠું કે મરચું ઓછું-વત્તું હોય તો બૂમાબૂમ કરી મૂકે. જ્યાં જરૂર ના હોય એવી વાતમાંય વણમાગી સલાહ આપ્યા કરે. આપણે ગમે તેટલા સિદ્ધાંતવાદી હોઈએ, આદર્શવાદી હોઈએ, નિયમિત હોઈએ પણ આપણો સિદ્ધાંત બીજાને અડચણરૂપ ના થવો જોઈએ. આપણી હાજરી કોઈને ખૂંચવી ના જોઈએ. નાની નાની વાતે ગુસ્સો કરવાથી કે આગ્રહ કરવાથી આપણા વ્યક્તિત્વનું માપ નીકળી જતું હોય છે. ફિજુલ વાતોને જે મોટી બનાવવા પ્રયત્ન કરે છે તે ખુદ નાનો થતો જાય છે.

**ચિરકારીએ વિચાર્યું, પુરૂષ સ્ત્રીનું ભરણપોષણ કરે ત્યાં સુધી જ તેનો સ્વામી ગણાય. જ્યાં સુધી રક્ષા કરે ત્યાં સુધી જ તેનો પતિ ગણાય. જે પતિ પત્નીની રક્ષા ના કરી શકે તે પતિ કેવો? તો મારાથી નિરપરાધી માતાની હત્યા કેવી રીતે થઈ શકે?**

રોમના રાજવી કુટુંબના રાજકુમારે એકવાર સીસરોને પૂછ્યું, 'અમે રાજવી કુટુંબના છીએ. તમે હલકા કુળના માણસ છો. મારી -તમારી બરોબર કેવી રીતે થઈ શકે ?' ત્યારે સીસરોએ શાંત સ્વરે કહ્યું, 'હા, અમે હલકા કુળના છીએ. તમે રાજવી કુટુંબના છો. પણ મારા કુળના સંસ્કાર મારાથી શરૂ થાય છે અને તમારા કુળના સંસ્કાર તમારી સાથે સમાપ્ત થાય છે.' એ સમજવું જરૂરી છે કે આપણી વાતચીતનો, આપણા વર્તનનો સામેના માણસના દિલમાં એક ગ્રાફ તૈયાર થતો હોય છે. તેના દિલમાં આપણા સંસ્કારની વધઘટનું એક રેખાચિત્ર તૈયાર થયું હોય છે. જો આપણે બીજા કરતાં સારા દેખાવું હોય, સારા બનવું હોય, સમજદાર બનવું હોય તો ઉત્તમ ઉપાય એ છે કે સામેના માણસની ઇચ્છા શું છે તે જાણી લેવી. જો તેની ઇચ્છા પૂરી કરવામાં આપણે બાધક હોઈએ, નડતા હોઈએ તો તેના રસ્તેથી હટી જવું.

Old age plants more wrinkles in the mind than in the face (Tennyson) ઉંમર લાયક માણસના ચહેરા કરતાં તેમના મગજમાં વધારે કરચલીઓ પડતી હોય છે. રોજિંદા કાર્યમાં પણ માણસ પોતાના 'સ્વ'-ભાવ મુજબ જીવી શકતો નથી. તેનામાં અકડ, દંભ, દેખાડો અને અહમ્ ઠાંસીઠાંસીને ભરેલા હોય છે. એક ગામમાં એક બ્રાહ્મણ રહેતો હતો. ગામમાં ગમે તે પ્રકારની વિધિ કરવાની હોય, યજ્ઞ હોય કે કથા-વાર્તા હોય દરેક માનપૂર્વક બ્રાહ્મણને બોલાવતા. એકવાર ગામના શ્રીમંતના બંગલાનું વાસ્તુ હતું. બ્રાહ્મણ ત્યાં ગયો. જમણવાર શરૂ થયો. પણ બ્રાહ્મણ સંધ્યાવંદન કરવા બધાના દેખતાં એક બાજુ આંખો બંધ કરી બેસી ગયો. બધા તેની ભક્તિની પ્રશંસા કરવા લાગ્યા. સંધ્યાવંદન પતાવી બ્રાહ્મણ જમવા બેઠો. પણ મર્યાદામાં, પ્રમાણસર જમ્યો. સૌએ તેના 'મિતાહાર'ના વખાણ કર્યા. ઘરે આવીને પત્નીને થાળી પીરસવા કહ્યું. 'શું શેઠે તમને જમાડ્યા નહિ ?' બ્રાહ્મણે કહ્યું, 'જમાડ્યો, પણ સંધ્યાવંદન કરવા ના બેસું તો લોકો શું કહે ? અને મિતાહાર ના કરું તો લોકો શું ધારે ?' એટલે પત્નીએ કહ્યું, 'ભલે, જમવાનું તો પીરસું છું, પણ મનથી તમારે ફરી સંધ્યાવંદન કરવા પડશે, ત્યાંય તમે દેખાડો જ કર્યો હશે !! અરે, તમે કેમ સમજતા નથી ! બ્રાહ્મણપણું તમારો વ્યવસાય છે, ભક્તભર્યા કામો તમે દિવસરાત કરો છો, એમાં તો જાત પ્રત્યે પ્રામાણિક બનો. ધીમે ધીમે ઉંમર વધે છે. હવે તો સમજો ભક્તિમાં દંભ-દેખાડો ના ચાલે. ઇશ્વર બધું જુએ છે.' To know how to grow old is the master work of wisdom. વૃદ્ધ કેવી રીતે થવાય એ જાણવું પણ બુદ્ધિનું ડહાપણભર્યું કામ છે.

**- સુરેન્દ્ર શાહ**

# વિનમ્રતા જીવનવિકાસની આધારશિલા છે... અહંકાર જીવનવિનાશની આધારશિલા છે...

## અમૃતની અંજલિ

**આચાર્ય વિજયરાજરત્નસૂરિ**

શુદ્ધ ધર્મની પ્રાપ્તિની ભૂમિકારૂપ જે એકવીશ ગુણો ધર્મરત્નપ્રકરણગ્રન્થમાં દર્શાવાયા છે તેની ચિંતનયાત્રામાં આજે આપણે વિચારીશું અઢારમો ગુણ. એનું નામ છે વિનયશીલતા.

શાસ્ત્રો અને સુભાષિતકારો એમ જણાવે છે કે ગુણોની સૃષ્ટિમાં એકેકથી ચડિયાતા ગુણો ભલે અનેક હોય. પરંતુ સર્વ ગુણોના જન્મદાતા બની રહે તેવા ગુણો બે જ છે. તેમાં એક છે વિનયશીલતા અને બીજો છે ગુણાનુરાગિતા.' જે જે વ્યક્તિ યા વસ્તુનો અનુરાગ હોય તે તે વ્યક્તિ યા વસ્તુની પ્રાપ્તિનો પુરુષાર્થ કરે' આ સામાન્ય દૃષ્ટિની વિચારણા ય એ સ્પષ્ટ સમજાવી જાય છે કે જે જે ગુણો પ્રત્યે જીવનમાં અનુરાગ જામે તે તો ગુણોનો પુરુષાર્થ અને પ્રાપ્તિ આસાનીથી શક્ય બને. આ સંદર્ભમાં જરૂર કહી શકાય કે ગુણાનુરાગ અન્ય ગુણોનો જન્મદાતા ગુણ છે.

આની જેમ વિનયશીલતા પણ અન્ય તમામ ગુણોનો જન્મદાતા છે. માટે આ ગુણનાં વિવરણમાં ગ્રન્થકારે આ શબ્દો લખ્યા છે કે 'વિણઓ સવ્વગુણાણં મૂલં.' આ કથનને પણ આપણે ઉપરોક્ત જેવી જ સામાન્ય દૃષ્ટિની વિચારણાથી સમજીએ તો, ધારો કે એક મહાત્મા ઉત્તમ સંયમી-ચારિત્રવંત છે. વિનયી વ્યક્તિ એમની સાથે અત્યંત વિનયપૂર્વક વર્તે એટલે એ ચારિત્રવંતની કૃપા એના પર વરસે ફલસ્વરૂપે એ સ્વયં ચારિત્રથી સંયમભાવથી અલંકૃત થાય. ધારો કે એક વ્યક્તિ વિદ્વાન છે. વિનયી વ્યક્તિ ખૂબ વિનમ્રતાથી એની સેવા ભક્તિ કરે એટલી એમની હાર્દિક કૃપા એના પર વરસે. પરિણામસ્વરૂપે એ સ્વયં જ્ઞાનશક્તિ પ્રાપ્ત કરે. તે તે વિશિષ્ટ ગુણોને ઉત્તમ સ્તરે આત્મસાત્ કરનાર મહાનુભાવોનો વિનય તે તે ગુણોની પ્રાપ્તિ કરાવતો હોવાથી વિનયને પણ કહેવાય છે સર્વ ગુણોનો જન્મદાતા.

'પ્રશમરતિ' ગ્રન્થકાર તો ત્યાં સુધી લખે છે કે 'તસ્માત્ કલ્યાણાનાં, સર્વેષાં ભાજનં વિનય : ' ભાવાર્થ કે તમામ કલ્યાણોનું - કલ્યાણકારી ઉત્તમ ગુણોનું પાત્ર વિનય છે !

માત્ર ધર્મક્ષેત્રે જ શા માટે ? બાહ્યક્ષેત્રે પણ વિનયશીલતા પ્રગતિ કરાવી શકે છે. ઉદાહરણરૂપે વિચારીએ તો, ધારો કે એક વ્યક્તિ રાજાની પાસે રહી નાનામાં નાની બાબતોમાં એની સાથે ખૂબ વિનમ્રતાથી વર્તે તો રાજાની કૃપા એના પર વિશેષ વરસે અને એની બાહ્ય પ્રગતિ થાય જ. ધારો કે એક બાળક સ્વભાવથી જ માતા-પિતાનો ખૂબ વિનય-ખૂબ ભક્તિ કરે તો માતા-પિતાની કૃપા એના પર વરસે અને એ ઘરની બાબતોમાં મુખ્યતા-પ્રગતિ પામે જ. આ રીતે ક્ષેત્ર બાહ્ય કે અભ્યંતર કોઈ પણ હો, વિનમ્રતાગુણ વ્યક્તિને અમાં લાભ કરાવે જ.

વિનમ્રતાનો-વિનયશીલતાનો ગુણ વ્યક્તિને ક્યાંથી ક્યાં પ્રગતિ કરાવે એ નિહાળવું છે ? તો વાંચો જૈન શાસ્ત્રોનું આ સરલ-સરસ દૃષ્ટાંત:

પરમાત્મા મહાવીરદેવના સમયની વાત. ત્યારે મગધદેશના કોઈ ગ્રામ્યવિસ્તારમાં પુષ્પશાલ નામે એક ગોપબાળક વસે. ગ્રામ્યજીવન એટલે ભણવાની ખાસ કોઈ અનુકૂળતા નહિ... પરંતુ એની માતાએ બાળપણથી એ શીખવેલ કે મોટાઓનો ખૂબ વિનય કરવો. બાળકે એ વાત બરાબર હૃદયસ્થ કરી દીધી. બાળકમાં સ્વાભાવિક જ વિનમ્રતા હતી. એમાં વળી માતાની હિતશિક્ષા ભળી. એથી એ સહુ વડિલોનો વિનય કરવા લાગ્યો. એ પિતાની સાથે જંગલમાં ગાયો ચરાવવા જાય, એમના દરેક કાર્યોમાં વગર કહ્યે એ સહાયક થાય.

એક વાર એ પિતા સાથે ગામના મુખી પાસે ગયો. પિતાએ મુખીને ઝૂકી ઝૂકીને નમન કર્યા એ બાળકે મનોમન નોંધ્યું. એને થયું કે મુખી મારા પિતા કરતા મોટી વ્યક્તિ છે. તો મારે એમનો વિનય પણ કરવો જોઈએ. એ બે કલકની મુલાકાત દરમ્યાન બાળકે મુખીની વગર કહ્યે એવી સેવા કરી કે મુખી બાળક પ્રત્યે આકર્ષાઈ ગયો. મુખીએ એના પિતાને કહ્યું : 'આ બાળકને મારે ત્યાં રાખો. એનું જીવન ઉપર આવી જશે.' પિતાએ હા કહી. હવે પુષ્પશાલ મુખીના ઘરનો સદસ્ય બની ગયો.

મુખી એકદા મગધના રાજવી સમ્રાટ શ્રેણિકના દરબારમાં ગયો. ત્યાં મુખી જેવા ઘણા લોકો સમ્રાટની કુર્નિશ બજાવતા હતા. બાળક સમજી ગયો કે આ મુખીથી ય મોટા મહાનુભાવ છે. ત્યાં પણ ઉપરોક્ત ઘટનાનું પુનરાવર્તન થયું અને બાળક એના વિનયથી શ્રેણિકની નજરમાં વસી જતાં સમ્રાટે એને પોતાના મહેલમાં કાયમી રાખી લીધો. હવે એક વાર સમ્રાટ શ્રેણિકની નજરમાં વસી જતાં સમ્રાટે એને પોતાના મહેલમાં કાયમી રાખી લીધો. હવે એક વાર સમ્રાટ શ્રેણિક પ્રભુ મહાવીરદેવની ધર્મદેશના શ્રવણ કરવા ગયા ત્યારે એમણે પ્રભુને વિધિવત્ વંદન કર્યા. પુષ્પશાલને થયું આ સમ્રાટ કરતાં ય મોટા છે. એ પ્રભુની ભક્તિમાં એવો લીન થઈ ગયો કે પ્રભુના શ્રમણોની નજરમાં વસી ગયો. આખરી પરિણામ એ આવ્યું કે એની અભિલાષા નિહાળી શ્રેણિક મહારાજાએ એને દીક્ષાની સંમતિ આપી. પ્રભુનિશ્રામાં સંયમી બની એણે ઉત્તમ સંયમપાલન સાથે પ્રભુસેવા કરી. અંતે એ સદ્ગતિગામી બન્યો...



**'વિનયશીલ બનવા માટે બે વાત લક્ષ્યમાં રાખીએ : એક એ કે 'હું કાંઈ નથી' આવો અહંશૂન્ય ભાવ રાખવો. અમે એક સ્થળે આ ભાવ કેળવવા એવો અનુરોધ કર્યો હતો કે 'કાળના અનંત પ્રવાહમાં મારું અસ્તિત્વ તણખલાથી વિશેષ કાંઈ જ નથી.' આવું દરેક વ્યક્તિએ પ્રમાણિકતાથી માનવું. બીજી વાત એ કે જે જે ઉપકારી વ્યક્તિત્વો છે એના પ્રત્યે સદૈવ વિનયભાવ રાખવો. આનાથી કૃતજ્ઞતા અને વિનયશીલતા બન્ને ગુણો સચવાશે. આ રીતે પ્રાપ્ત થતી વિનયશીલતા ક્રમશ : સમ્યગ્દર્શનાદિ ગુણોની અને અંતે મોક્ષની પણ પ્રાપ્તિ કરાવે જ.'**

એક સામાન્ય ગ્રામ્ય બાળક આવી પ્રગતિ પામ્યો એ નિ:શંક એની વિનયશીલતાનું જ પરિણામ હતું. વિનયશીલતા-વિનમ્રતાનો વિરોધી દુર્ગુણ છે અહંકાર. અહંકાર વ્યક્તિને ઝૂકવા-નમવા ન દે, તો અન્યોની સાચી-સારી વાત સાંભળવા ન દે. એનો અહંકાર આવા સમયે તરત ફુંફાડો મારતો ટટાર થઈ જશે કે હું શા માટે કોઈને નમું કોઈની સામે ઝુકું ? એ અહંકાર કહેશે કે 'મને બધી ખબર છે મને કોઈએ સલાહ આપવાની જરૂર નથી. ઉપકારીને ય ન ઝૂકવાની-વડિલોનું ય ન સાંભળવાની કોઈને માન સન્માન ન આપવાની આ વૃત્તિ વ્યક્તિને ધર્મક્ષેત્રે તો અવરોધરૂપ બને જ. ઉપરાંત દુન્યવી ક્ષેત્રે પણ એ વ્યક્તિ માટે અવરોધરૂપ બને. 'પ્રશમરતિ' ગ્રન્થમાં આ અહંકારની વિનાશક તાકાતની ઓળખ આપતું એક વિશેષણ આમ દર્શાવાયું છે કે 'ધર્માર્થિકામવિઘ્નસ્ય.' એટલે કે અહંકાર ધર્મ-અર્થ અને કામ : આ ત્રણેય પુરુષાર્થમાં વિઘ્નરૂપ છે. ધર્મપુરુષાર્થમાં ય જો એ બાધારૂપ છે તો મોક્ષપુરુષાર્થ માટે કોઈ વાત જ ક્યાંથી વિચારાય ? હવે રહી વાત અર્થ અને કામપુરુષાર્થની અર્થાત્ દુન્યવી સ્તરની ઉપલબ્ધિની. એમાં પણ અહંકાર બાધક બનતો હોવાનું ઉપરોક્ત ગ્રન્થપંક્તિ જણાવે છે. કરવી છે એ પંક્તિની સચ્ચાઈની પ્રતીતિ ? તો વાંચો આ રમૂજ કથા :

નગરની બહાર જીવંત પાત્રો સાથે ભજવાતી રામલીલાએ રંગ જમાવ્યો હતો. રોજ એ નિહાળવા ઊમટી પડતા હજારો માનવોથી મંડપ ચિક્કાર થઈ જતો. એમાં ય આજે અંતિમ દિવસ અને રામ-રાવણનું સામસામે યુદ્ધ હોવાથી મંડપની બહાર પણ દર્શકોની મેદની છવાઈ હતી. યથાસમય રામલીલા શરૂ થઈ. આજનો મુખ્ય એપિસોડ એટલે કે રામ-રાવણનું યુદ્ધ પણ શરૂ થયું. મેદની અદ્ધરશ્વાસે યુદ્ધ જોઇ રહી હતી. પરંતુ યુદ્ધ ધાર્યા કરતા વધુ ખેંચાતું ગયું. એમાં બન્યું હતું એવું કે જેમ આજની દગાબાજ લૌકિક દુનિયામાં રામતત્ત્વ કરતા રાવણતત્ત્વનું પલ્લું ભારે હોય છે તે ત્યાં શારીરિક તાકાતની દૃષ્ટિએ રામ કરતા રાવણનું પલ્લું ભારે હતું. રાવણ બનનાર એવો તાકાતવર હતો કે રામ બનનાર એને પછાડી શકે એ વાતમાં માલ ન હતો. ફક્ત નાટકની સમજૂતીનાં કારણે રાવણે હારવાનું-પડી જવાનું હતું.

પણ... એ દિવસે રાવણે એટલું ખેંચ્યુ કે હવે રામ થાકી ગયો. દિગ્દર્શકે જોયું કે જો હજુ ય લંબાતું જશે તો રાવણના બદલે રામ પડી જશે- હારી જશે. એણે પડદા પાછળથી બે-ત્રણવાર રાવણને સંદેશો આપ્યો કે 'બસ હવે તું પડી જા.' પરંતુ તો ય પેલો પડ્યો નહિ. આખરે દિગ્દર્શકે મંચ સુધી ધસી આવીને બૂમ પાડી : 'અલ્યા, પડ. આ તો રામલીલાની મજા બગડી રહી છે.' પેલાએ માથું ધુણાવતા ઉત્તર આપ્યો : ' આજે જે થવું હોય તે થાય. હું નહિ જ પડું.' પણ કેમ ? દરેક રામલીલામાં તો તું પડે જ છે.' એ અલગ છે અને આજની વાત અલગ છે. આજે મારા સાસુ-સસરા આ મેદનીમાં છે. એમની સામે હું હરગિજ નહિ હારું-નહિ પડું !'

કહેવાની જરૂર નથી કે એના આ અહંકારે રામલીલાનો માહોલ બગાડી નાંખ્યો અને ગુસ્સે થયેલ નાટકના માલિકે પેલાને કાયમી ધોરણે રામલીલામાંથી છૂટો કરી દીધો. એના અહંકારે એને અર્થપુરુષાર્થનું કાયમી નુકસાન કર્યું.

અહંકારના નુકસાનો અને વિનયશીલતાના લાભો નિહાળ્યા પછી વિનયશીલ બનવા માટે બે વાત લક્ષ્યમાં રાખીએ : એક એ કે હું કાંઈ નથી આવો અહંશૂન્ય ભાવ રાખવો. અમે એક સ્થળે આ ભાવ કેળવવા એવો અનુરોધ કર્યો હતો કે 'કાળના અનંત પ્રવાહમાં મારું અસ્તિત્વ તણખલાથી વિશેષ કાંઈ જ નથી.' આવું દરેક વ્યક્તિએ પ્રામાણિકતાથી માનવું. બીજી વાત એ કે જે જે ઉપકારી વ્યક્તિત્વો છે એના પ્રત્યે સદૈવ વિનયભાવ રાખવો. આનાથી કૃતજ્ઞતા અને વિનયશીલતા બન્ને ગુણો સચવાશે. આ રીતે પ્રાપ્ત થતી વિનયશીલતા ક્રમશ : સમ્યગ્દર્શનાદિ ગુણોની અને અંતે મોક્ષની પ્રાપ્તિ કરાવે જ. સ્વયં ગ્રન્થકારે જ વિનયગુણની ગાથામાં આથી લખ્યું છે કે વિનય સમ્યગ્દર્શનાદિ ગુણોનું અને તે ગુણો મોક્ષનું મૂલ છે.

છેલ્લે વિનીતતા-વિનમ્રતા કેવી હોવી જોઈએ એ દર્શાવતી શાયરી સાથે સમાપન કરીએ કે :

**ઝૂકના સીખના હૈ તો કલમસે સીખો,**
**જબ ભી ચલતી હૈ સર ઝૂકા કે હી ચલતી હૈ...**

# આપણે ઉજવીશું આવી દીવાળી?

## પ્રેરણાની પરબ

**આચાર્ય વિજય અક્ષયરત્નસૂરિ**

સામાન્યથી આપણે સહુ ખુશ રહેવા માટે ખુશીઓ એકત્રિત કરતા હોઈએ છીએ. એટલે કે જેનાથી આનંદ પ્રાપ્ત થાય તેવી સામગ્રી-સાધનોને એકઠા કરતા હોઈએ છીએ. પરંતુ આજે વિચારવો છે ખુશ રહેવા માટેનો સાવ વિલક્ષણ ઉપાય : જે આપણા ઉક્ત વિચારોથી તદ્દન વિપરીત છે ને છતાં ય બહેતર છે. ખુશીઓથી સંપન્ન જીવનના સર્જન માટેની લેખશ્રેણિનાં ચતુર્થ ચરણરૂપે રહેલો એ ઉપાય આ છે કે ખુશ રહેવા માટે ખુશીઓને એકત્રિત ન કરો, બલ્કે

ખુશીઓને વહેંચો.

ખુશીઓને વહેંચવાથી સામી વ્યક્તિના મુખ ઉપર અદ્ભુત આનંદ છલકાય છે. એ આનંદને નિહાળવાથી મળતી ખુશી અવર્ણનીય હોય છે. ખુશીઓ આપવાથી સામેની વ્યક્તિનાં અંતરના અઢળક આશીર્વાદ મળે છે. આવા આશીર્વાદ આપણા સમગ્ર અસ્તિત્વને પ્રસન્નતાથી મઢી દે છે. આવો, આ વાસ્તવિકતાની પ્રતીતિ આપણે એક સત્ય ઘટના દ્વારા કરીએ :

આજથી લગભગ ૩૫ વર્ષો પૂર્વે સૌરાષ્ટ્રના એક મધ્યમ શહેરમાં ઘરના મોભીનું મૃત્યુ થઈ ગયું. દીવાળીના દિવસો ત્યારે નિકટ હતા. શોકાતુર ઘરના સભ્યોએ એ વર્ષે ગીરીબોની ભક્તિ કરીને દિવાળી મનાવવાનો નિર્ણય કર્યો. ઘરનો યુવાન સભ્ય અરુણ ત્રિવેદી. એણે પોતાની નોકરીના સ્થળે પોતાના મિત્રોને ભાવના જણાવી. મિત્રોને અરુણનો વિચાર ગમ્યો. સૌએ પોતાની શક્તિ અનુસાર આ



સેવાકાર્યમાં રૂપિયા લખાવ્યા. રાહતલાવ, ભીમતલાવ, ઝાંખી, રાજપુર, માંગલપુર, ભાણગઢ વગેરે ધોલેરા તરફના ગામો પસંદ કરવામાં આવ્યા. સેવાકાર્યની આ સુગંધ જ્યાં જ્યાં પ્રસરી ત્યાંથી સુંદર સક્રિય પ્રતિભાવો આવવા લાગ્યા. કેટલાક લોકો અરુણને ધમકાવી ગયા કે 'કેમ અમને આ સેવાકાર્યમાં યાદ ન કર્યા ? અમારી પણ નાનકડી રકમ આ સેવામાં લેવી પડશે અને જો આવતા વર્ષે ન કહ્યું તો આનાથી ડબલ આપીને જઈશું. યાદ રાખજો...' અપાયેલી એ નાનકડી રકમ (?) એક હજાર રૂપિયા જેટલી મોટી હતી. એક ટ્રેવલ્સ કંપનીનો માલિક મીઠાઈ લઈને જવા માટે પોતાને મેટાડોર ફ્રી આપીને ગયો. જલેબી-રસગુલ્લા-બરફી-બદામકતરી વગેરે અનેક પ્રકારની મીઠાઈઓ તૈયાર કરવામાં આવી. મીઠાઈના બોક્ષ ખરીદવા માટે એક વ્યાપારીને ત્યાં મિત્રમંડળી પહોંચી. તો સેવાકાર્યની આ મહેંક વ્યાપારીને પણ સ્પર્શી ગઈ. એણે તમામ બોક્ષ ફ્રી આપ્યા.

બધી તૈયારીઓ થઈ ગઈ અને એક દિવસ અરુણ ત્રિવેદી એન્ડ કંપની પહોંચી ગઈ ધોલેરાના પૂર્વોક્ત ગામોમાં. ગરીબી અને ગામોમાં મન મૂકીને વરસી હતી. પણ ગામના લોકો સાત્વિક અને ખમીરવાળા હતા. એમ કહેવામાં આવ્યું કે આ પ્રભુનો પ્રસાદ વહેંચવા આવ્યા છીએ ત્યારે જ મીઠાઈને હાથ લગાવ્યો. એક ગામમાં અરુણે એક વૃદ્ધ માજીને પૂછ્યું : ''માજી ! આ મીઠાઈનું નામ કહેશો !'' માજીએ બોક્સની અલગ અલગ મીઠાઈઓ જોઈને કહ્યું :- 'આ સફેદ જલેબી, આ પીળી-આ લાલ જલેલી...' કારણ માજીએ મીઠાઈમાં માત્ર જલેબીનું નામ સાંભળ્યું હતું, એ પણ વર્ષો પૂર્વે. અરુણે એમના મુખમાં એક રસગુલ્લું મૂક્યું અને માજી ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. કારણ છેલ્લા પચાસ વર્ષોથી તેમણે મીઠાઈનો ટુકડો સુદ્ધાં ચાખ્યો ન હતો. મિત્રમંડળીની આંખો પણ આંસુથી છલકાઈ ગઈ. ખુશીઓ વહેંચવાનો ત્યારે જે આનંદ તેમણે અનુભવ્યો તે અવર્ણનીય હતો. દીવાળીનો અવસર નજીક છે ત્યારે આપણે સહુ આ ઘટના વાંચીને જાતને એક જ સાવલ કરીએ કે 'આપણે પણ ઉજવીશું આવી દીવાળી ?'

# દર્ભા (કુશા) ઘાસને હિન્દુ પૂજા અને પુરાણોમાં આટલું પવિત્ર કેમ માનવામાં આવે છે?

દર્ભા ઘાસને પવિત્ર માનવામાં આવે છે અને તેનો ઉપયોગ ખાસ કરીને પૂજા, હવન, તર્પણ, શ્રાદ્ધ, સંકલ્પ અને જપ-તપમાં થાય છે. માન્યતા મુજબ દર્ભા શુદ્ધતા, રક્ષણ અને પવિત્ર ઊર્જાનું પ્રતિક છે.

**પૂજામાં દર્ભા ક્યાં વપરાય છે?**

**૧. સંકલ્પ સમયે:** પૂજા શરૂ કરતાં પહેલાં સંકલ્પ લેતી વખતે હાથમાં પાણી, ચોખા/ફૂલ સાથે દર્ભા રાખવામાં આવે છે.



**૨. હવન અને યજ્ઞમાં:** હવન દરમિયાન દર્ભા આસન, પવિત્રતા અને રક્ષણ માટે વપરાય છે.

**૩. તર્પણ અને શ્રાદ્ધમાં:** પિતૃ કાર્યમાં દર્ભાનું વિશેષ મહત્વ છે. દર્ભા વગર ઘણી વિધિઓ અધૂરી માનવામાં આવે છે.

**૪. કલશ સ્થાપનામાં:** કલશમાં કે આસપાસ દર્ભા રાખવામાં આવે છે, જેથી તે વધુ પવિત્ર માનવામાં આવે.

**૫. આસન તરીકે:** પ્રાચીન સમયમાં ઋષિ-મુનિઓ દર્ભાના આસાન પર બેસીને જપ અને ધ્યાન કરતા, કારણકે તે મનની એકાગ્રતા માટે શુભ માનવામાં આવે છે.

દર્ભા ઘાસ/ કુશા ઘાસનો ઇતિહાસ પુરાણો અને વૈદિક પરંપરામાં મળે છે. પરંતુ એક વાત ધ્યાનમાં રાખવી. તેની ઘણી કથાઓ ધાર્મિક-પુરાણિક માન્યતારૂપે આવે છે. એટલે જુદા-જુદા ગ્રંથો અને પરંપરાઓમાં થોડો ભેદ પણ જોવા મળે છે.

**૧. ગરુડ પુરાણમાં દર્ભાનું મહત્ત્વ:**

ગરુડ પુરાણ સંબંધિત પરંપરામાં દર્ભાને ભગવાન વિષ્ણુ સાથે જોડવામાં આવે છે. કેટલાક વર્ણનોમાં દર્ભાને વિષ્ણુના શરીર/વાળમાંથી ઉત્પન્ન થયેલું પવિત્ર ઘાસ કહેવામાં આવે છે. શ્રાદ્ધ અને પિતૃકર્મમાં તેનો ઉપયોગ ખાસ માનવામાં આવે છે.

**૨. દર્ભામાં ત્રિમૂર્તિનો વાસ- પરંપરાગત માન્યતા:**

એક લોકપ્રચલિત શાસ્ત્રીય માન્યતા મુજબ દર્ભાના મૂળમાં બ્રહ્મા, મધ્ય ભાગમાં વિષ્ણુ/કેશવ અને અગ્ર ભાગમાં શિવ/શંકરનો વાસ માનવામાં આવે છે. આ કારણે તેને શુદ્ધિ અને રક્ષણનું પ્રતિક માનવામાં આવે છે.

**૩. વૈદિક યજ્ઞોમાં ઉપયોગ:**

દર્ભા/કુશા ઘાસનો ઉપયોગ વૈદિક યજ્ઞોમાં બહુ પ્રાચીન સમયથી થયો છે. યજ્ઞવેદી પર પાથરવા, આસન બનાવવા, તથા પૂજા કરનાર વ્યક્તિના હાથમાં પવિત્રી એટલે કે દર્ભાની વીંટી પહેરવા જેવી રીતો પ્રચલિત છે.

**૪. ભગવદ્ ગીતામાં કુશ આસનનો ઉલ્લેખ:**

ભગવદ્ ગીતામાં ધ્યાન માટેનું આસન બનાવતી વખતે શુદ્ધ સ્થાન પર કુશ ઘાસ, તેના ઉપર મૃગચર્મ અને કાપડ રાખવાનો ઉલ્લેખ આવે છે. એટલે ધ્યાન, જપ અને સાધનામાં કુશ/દર્ભાનું સ્થાન પ્રાચીન છે.

**૫. દર્ભા કેમ પવિત્ર માનવામાં આવે છે?**

પરંપરા પ્રમાણે દર્ભા શુદ્ધ, સાત્વિકતા, એકાગ્રતા અને ધાર્મિક રક્ષણનું પ્રતિક છે. તેથી સંકલ્પ, હવન, યજ્ઞ, તર્પણ, શ્રાદ્ધ, પિંડદાન અને કલશ સ્થાપના જેવી વિધિઓમાં તેનો ઉપયોગ થાય છે.

**સરળ ભાષામાં કહીએ તો:**

દર્ભા ઘાસનો પૂજા સાથેનો સંબધ માત્ર લોકમાન્યતા નથી. તેનો આધાર વૈદિક વિધિઓ, ગરુડ પુરાણ સંબંધિત પરંપરા, શ્રાદ્ધ-તર્પણ વિધિ અને ધ્યાન-સાધના પરંપરામાં જોવા મળે છે. પુરાણોમાં તેને ભગવાન વિષ્ણુ અને ત્રિમૂર્તિ સાથે જોડીને ખૂબ પવિત્ર ગણવામાં આવ્યું છે.

# ઇશ્વર : 'સાકાર' કે 'નિરાકાર'?

આધ્યાત્મિક ક્ષેત્રમાં જીજ્ઞાસુ સાધકને એક પ્રશ્ન થવો સ્વાભાવિક છે કે ભગવાન સાકાર કે નિરાકાર ? આમાં 'સાકાર' અને 'નિરાકાર' બે શબ્દો વચ્ચે 'કે' ને કોઇ સ્થાન નથી. ભગવાનનું સ્વરૂપ સાકાર પણ છે અને નિરાકાર પણ છે. બન્નેનું મહત્વ એક સરખું જ છે. સાધકની શ્રદ્ધા મુજબ ઇશ્વર સાકારમાંથી નિરાકાર અને નિરાકારમાંથી સાકાર સ્વરૂપ ધારણ કરી શકે છે. એટલે તો તે શક્તિની ઓળખ મોરલ પાવર- ઇશ્વર કે ભગવાન તરીકે સ્થાપિત થયેલી છે. ઇશ્વરની સરખામણી દુનિયાની કોઇ પણ વસ્તુ સાથે થઇ શકે નહિ. છતાંય કરવી હોય તો અનન્ય અલંકાર ને આધારે ભગવાનની સરખામણી માત્ર ભગવાન સાથે જ કરી શકાય જેમ પ્રેમના ક્ષેત્રમાં 'માં' ની સરખામણી માટે કહેવાય છે, 'માં તે માં' તેમ 'ઇશ્વર તે ઇશ્વર', 'ભગવાન એટલે ભગવાન', 'સ્વામી વિવેકાનંદ એટલે સ્વામી વિવેકાનંદ'...



પાણી નિરાકાર છે પરંતુ તેમાંથી જ સાકાર બરફનું સર્જન થાય છે. વળી બરફ પણ નિરાકાર રૂપે પાણીમાં પરિવર્તન પામે છે. આ તો પેલા પ્રશ્ન જેવી વાત થઇ કે રાષ્ટ્રને 'ખેડૂત'ની જરૂર છે કે 'સૈનિક' ની ? વાસ્તવમાં બન્નેની સરખી જરૂર હોય છે. પાયાની જરૂરિયાત અનાજ ઉત્પન્ન કરનાર ખેડૂતનું રક્ષણ સૈનિક કરે છે અને સૈનિકના ખોરાકની જરૂરિયાત ખેડૂત પુરી પાડે છે બન્ને અન્યોન્યના પૂરક છે. એ જ રીતે સાધક માટે ભગવાન સાકાર કે નિરાકાર એક બીજાના પૂરક છે.

હા, એ ખરું કે નિરાકારને સમજવા માટે આધાર તો કોઇ સાકારનો લેવો પડે છે. સંગીતના સૂર નિરાકાર છે પણ તે પ્રગટ થાય છે સાકાર સાધનો - પેટી, તબલા, મંજીરા વગેરેમાંથી. આમ સાકારના ચિંતનને સહારે નિરાકારનો પરિચય કેળવી શકાય છે.

કોઇ વસ્તુની બાબતમાં વિચાર કરવા માટે તેની મૂર્તિ આપણા ચિત્તમાં હોય એ જરૂરી છે. એવી મૂર્તિની કલ્પના કર્યા વિના કોઇ પણ વિષયની બાબતમાં કંઇ પણ વિચાર કરવો અસંભવ છે. મૂર્તિ વસ્તુનો આકાર નિશ્ચિત કરે છે અને પછી જ તે વિશેની કલ્પનાશક્તિ કામ કરવા લાગે છે. 'સમુદ્ર' ભલે કોઇએ ન જોયો હોય પણ જ્યારે પણ 'સમુદ્ર' વિશે વિચાર કરવાનો હોય છે ત્યારે 'એક વિશાળ જળાશય'ની એક કલ્પિત મૂર્તિ મનમાં અંકાઇ જાય છે. ભાષા વિજ્ઞાનનો આ જ આધાર છે.

દરેક શબ્દની પાછળ એક આકૃતિ હોય છે. ગાય એ શબ્દને યાદ કરતા જ આપણા ચિત્તમાં ગાયની એક આકૃતિ હાજર થઇ જાય છે, ત્યારે જ 'ગાય' શબ્દ જાણ્યો સાર્થક થયો ગણાય. અજાણી એવી કોઇ પરદેશી ભાષા આપણાં આગળ બોલે ત્યારે એના શબ્દો તો કાને પડે છે પણ આપણું તે સાંભળવું સાર્થક થાય નહિ. એ દ્વારા કોઇ ભાવ પ્રગટ થતો નથી. આનું કારણ એ છે કે શબ્દોની પાછળ રહેલી આકૃતિઓ આપણે જાણતા નથી. જ્યાં સુધી એ આકૃતિઓ સામે દેખાય નહિ ત્યાં સુધી આપણું મન એના વિશે કંઇ વિચાર કરી શકે નહિ. ઇશ્વરની શક્તિઓ વિશે પણ આમ જ હોય છે. ભલે એમને આપણે સ્થૂળ માનીએ કે સૂક્ષ્મ, નિરાકાર માનીએ કે સાકાર એ તાત્વિક અને વૈજ્ઞાનિક પ્રપંચોમાં મનને દોરવાનું કોઇ કારણ નથી. મન એ તરફ દોરવાશે જ નહિ. જો મન પાસે આપણે એ અંગે કંઇ વિચાર કરાવવા માગીએ તો આપણે ગમે તે પ્રકારની એક આકૃતિ બનાવીને તેની સામે મૂકવી જોઇએ, નહિ તો તે ઇશ્વર અથવા તેની શક્તિ વિશે કંઇ જ વિચાર કરી શકશે નહિ.

જે લોકો ઇશ્વરને નિરાકાર માને છે તે લોકો પણ નિરાકારનો કોઇને કોઇ આકાર તો બનાવે જ છે. જેમકે પ્રકાશ જેવો, તેજોમય, આકાશ જેવો નિરાકાર, અગ્નિ જેવો વ્યાપક, પરમાણુ જેવો અદ્રશ્ય વગેરે છેવટે એ નિરાકારનો પણ કોઇ આકાર આપણે સ્થાપિત કરવો પડશે જ. જ્યાં સુધી એવા આકારની સ્થાપના કરવામાં ન આવે ત્યાં સુધી મન, બુદ્ધિ અને ચિત્ત સાથે એનો કોઇ પણ સંબંધ સ્થાપિત કરી શકાશે નહિ.

આ મહાસત્યને ધ્યાનમાં રાખી ને નિરાકાર અચિંત્ય, બુદ્ધિ દ્વારા અગમ્ય, વાણીથી પર એવા પરમાત્માઓ મન સાથે સંબંધ બાંધવા માટે ભારતીય આચાર્યોએ ઇશ્વરની આકૃતિઓ સ્થાપિત કરી છે. ઇષ્ટ દેવના ધ્યાનની સુંદર દૈવી આકૃતિઓ વાળી પ્રતિમાઓ ઘડી છે તેની સાથે દિવ્ય આયુધો, દિવ્ય વાહનો, દિવ્ય ગુણ, દિવ્ય સ્વભાવ અને દિવ્ય શક્તિઓનો સંબંધ નક્કી કરી આપ્યો છે.

**- હરસુખલાલ ચુનીલાલ વ્યાસ**

# શ્રી રામચરિત માનસની સુંદર ચોપાઈઓ

**જહાં સુમતિ તહુઁ સંપતિ નાના;**
**જહાં કુમતિ તહઁ બિપતિ નિદાના.**

જ્યાં સદ્બુદ્ધિ છે ત્યાં સમૃદ્ધિ છે અને જ્યાં કુબુદ્ધિ છે ત્યાં દુ:ખોનો કોઇ પાર નથી.

**સુર, નર, મુનિ, સબ કૈ યહ રીતિ;**
**સ્વારથ લાગિ કરહિ સબ પ્રીતી.**

દેવો, માણસો, મુનિઓ બધાની એક જ રીત છે - સ્વાર્થ વગર સંબંધ રાખવો નહિ.

**હોઈહિ સોઈ જો રામ રચિ રાખા;**
**કો કરિ તર્ક બઢાવૈ સાખા.**

જે રામે ધાર્યું હશે તે જ થશે. નાહકના કુવિચારો કરી જાતે દુ:ખ ના વધારો.

**જદ્યપિ જગ દારુન દુ:ખ નાના;**
**સબ તે કઠિન જાતિ અવમાના.**

જગતમાં દુ:ખો તો અનેક છે પણ લોહીનાં સગાં અપમાન કરે તેવું બીજું મોટું દુ:ખ કોઈ નથી.



**દૈહિક, દૈવિક, ભૌતિક તાપા;**
**રામરાજ નહિં, કાહુહિ બ્યાપા.**

જે રામભક્ત છે, ત્યાં આધિ, વ્યાધિ, ઉપાધિ છે જ નહિ - સદાય રામરાજ્ય છે.

**ભગતિ હીન ગુન સબ સુખ ઐસે;**
**લવન બિના બહુ બિંજન જૈસે.**

મીઠા (નમક) વગર રસોઈ નકામી તેમ ભક્તિ વગર જિંદગી નકામી.

**નહિ દરિદ્ર સમ દુ:ખ જગ માહી;**
**સંત મિલન સમ સુખ જગ નાહીં.**

આ જગતમાં ગરીબી જેવું કોઈ દુ:ખ નથી અને સંત સમાગમ જેવું કોઈ સુખ નથી.

**સકલ બિઘ્ન બ્યાપહિ નહિ તેહિ;**
**રામ સુકૃપા બિલોકહિ જેહિ**

જેના ઉપર શ્રી રામની કૃપા છે તેને કોઈ વિઘ્ન ક્યારેય નડતું જ નથી.

**પી.એમ. પરમાર**

# દરેક ધર્મોમાં 'પ્રાર્થના' એ દુઃખોની શાંતિ માટે શ્રેષ્ઠ ઉપાય કહ્યો છે

દરેક દુઃખોનાં મૂળમાં શરીર અને મનની અસ્વસ્થતા રહેલ છે. ચાઈનીઝ ભાષામાં 'યીન' અને 'યાંગ'નું અનિયમીતપણું રોગોનું કારણ ગણવામાં આવે છે. આયુર્વેદ શાસ્ત્રમાં વાયુ, પિત્ત, કફ તથા સત્વ, રજ અને તમસ્ નું અસંતુલન રોગ થવામાં કારણરૂપ મનાયું છે. દરેક શારીરિક રોગો કાલાન્તરે 'મન' ઉપર અસર કરે છે અને દરેક માનસિક રોગો કાલાંતરે શારીરિક ક્રિયાઓ ઉપર અસર કરે છે. જેને આપણે મનો દૈહિક વિકાર કહીએ છીએ.

આયુર્વેદ શાસ્ત્રમાં અનેક પ્રકારની ચિકિત્સાઓ રોગોની અવસ્થા પણે આપી છે. તેમાં એક 'દૈવવ્યપાશ્રય' પ્રકારની સારવાર પણ આવેલી છે. જે કાલ બલ પ્રવૃત્ત તથા દૈવબલ પ્રવૃત્ત રોગો કાળ અને દૈવવશ ગણેલા છે. જે ફેલાઈને વિશ્વમાં અનેક રીતે તિવ્ર રોગોનું સ્વરૂપ ધારણ કરે છે. જેને 'જનપદો....' જન્ય રોગો ચરકમાં કહ્યા છે. જે અધર્મ, પાપો, કુકર્મો, કુનિષ્ટા વિગેરે દ્વારા જનોનાં સમૂહમાં ફેલાય છે. જેને 'એપેડેમીક' રોગો કહે છે. આમાં કોઈ સારવાર પણ પુરેપુરી થતી નથી.

આયુર્વેદ એ જીવન શાસ્ત્ર છે. ચરક સંહિતાનાં વિમાન સ્થાનમાં આવા રોગોનું વર્ણન છે. જેની સારવાર માટે 'દૈવવ્યપાશ્રય ચિકિત્સા' આપેલી છે. આવા રોગો કાળ અને દૈવને આધિન હોય છે. આના માટે એક ઇશ્વર આશ્રિત ચિકિત્સા બતાવી છે. જે આ પ્રકારની સારવારોમાં આવે છે. આનું ઔષધ તે જ છે જેને આ પ્રકારની સારવાર ગણાય છે. દૈવવ્યપાશ્રયં ભૈષજમ્ જેનાથી કોપાયમાન દેવ-કાળ-ઋતુ વગેરે પરિબળો શાંત થઈ તેના પ્રભાવથી રોગોને શાંત કરે છે. હમણાં જ વિશ્વવ્યાપી કોરોના માં વિશ્વ હાંફી ગયું હતું. આવા રોગોને આયુર્વેદ દૈવબલપ્રવૃત્ત રોગો કહ્યા છે.

આ પ્રકારની સારવારમાં આયુર્વેદમાં નીચેના ઉપાયો બતાવ્યા છે. જેને દૈવવ્યપાશ્રયચિકિત્સા કહેવાય છે.

(૧) મંત્ર : અર્થાત કોઈ સિદ્ધપુરુષ દ્વારા વિશેષ રૂપે દૈવના મંત્રોનો જાપ કરાવવો આનો પ્રભાવ રોગ ઉપર પડે છે અને સ્વસ્થતા મેળવાય છે.



● પ્રાર્થના આત્મશ્રદ્ધા અને આત્મબળ વધારવાનું ઉત્તમ માધ્યમ બને છે. પ્રાર્થના અંદરની ચેતનાને જાગૃત કરે છે. શરીરની ચેતના શક્તિ તથા મનનું સાત્વિક બળ વધારે છે. પ્રાતઃ અને સાયંકાળ તે માટે ઉત્તમ છે. દરેક ધર્મોમાં, દરેક દેશોમાં આનો ચમત્કાર દેખાય છે. આની અદ્વિતિય તથા અનુપમ શક્તિ શરીરનાં કોષો ઉપર સકારાત્મક ઉર્જા ઉત્પન્ન કરે છે અને રોગ મુક્ત થવામાં તથા શારીરિક અને માનસિક શક્તિ વધારવા માટે ચમત્કારિક પ્રભાવ પાડે છે.

(૨) મંત્રોથી સિદ્ધ કરેલ જવ કે ઔષધનું શરીરમાં ધારણ કરવાથી રોગોમાં રાહત થાય છે.

(૩) મણિ : વિવિધ રત્નો જ્યોતિષ દ્વારા સિદ્ધ કરીને તે મણી કે રત્નનો શરીરે ધારણ કરવા. આ પણ નડતા નક્ષત્રનો વગેરેથી દુર કરીને સ્વાસ્થ્યનું નિર્માણ કરે છે.

(૪) સિદ્ધ દેવો દ્વારા આપેલ ઉપહાર ગ્રહણ કરવા.

(૫) નિયમ : શાસ્ત્રોક્ત મૌન, તપ, અનુષ્ઠાન વગેરે વિધિઓનું અનુસરણ કરવું.

(૬) પ્રાયશ્ચિત : કરેલા કર્મોના ફળ માટે તેનું પ્રાયશ્ચિત કરવું જેથી મન શાંતિ અનુભવે છે. રોગ શાંત થાય છે.

(૭) તપ : શરીર તથા મનને થોડું કષ્ટ મળે તેવા ઉપવાસ અનુષ્ઠાન વગેરે કરવા.

(૮) સ્વસ્તિવાચન : પોતાના માટેનાં કલ્યાણકારી મંત્રો બોલી દેવને પ્રસન્ન કરે તેવી સ્તુતિ કરવી કે બ્રાહ્મણો દ્વારા 'સ્વસ્તિ' વાચનની ક્રિયાઓ કરવી.

(૯) શાંતિકર્મ : વૈદિક મંત્રો દ્વારા શાંતિપાઠ કરવા તથા યજ્ઞો કરવા.

(૧૦) પ્રણિપાત કે નમસ્કાર : દેવ-ગુરૂ-પિતરોને વંદન કરી આશિર્વાદ મેળવવા. નમ્ર થઈને રહેવું.

(૧૧) ગમન : નિવાસસ્થાનથી દુર ધાર્મિક જગ્યાએ જઈ ગમન કરી મંત્રજાપ કરવા - જપ કરવા.

(૧૨) દયા : પ્રાણિમાત્ર ઉપર દયાનો સ્વભાવ કેળવવો. ગરીબો ઉપર કૃપા-દાન પોતાની શક્તિને અનુસાર કરવા.

'યજ્ઞ પ્રિંઃ ગ્રહેણ' (સુશ્રુત) આ પ્રમાણેની ચર્યાઓમાં તત્પર થઈને કરવાથી રોગોથી મુક્ત થવાય છે. અહીં દેવ વગેરે કે સિદ્ધપુરૂષોનાં આશિર્વાદનાં પ્રભાવથી રોગોમાંથી નિવૃતિ મળે છે. જે પ્રત્યક્ષરૂપે પણ જોવા મળે છે. આ ઉપચારાત્મક ક્રિયાઓથી શરીરમાં એક નવી ચૈતન્ય શક્તિ (નેચરલ ઇમ્યુનિટી) ઉત્પન્ન થાય છે. જે રોગને દુર કરવામાં ખાસ મદદરૂપ બને છે. દવા અને દૂઆ બન્ને શરીરના આરોગ્ય માટે જરૂરી છે. હવામાન, દેશ, સ્થાન, નિવાસ, ઘરની કે પ્રવૃતિનો પ્રકારે પણ આરોગ્ય અને અનારોગ્ય માટે કારણભૂત બને છે. (ચરકસૂત્ર ૨૧/૨૭)

**- ડો. ઉમાકાંત જે. જોષી**

# ડોંગરેજી મહારાજના જ્ઞાન ઝરણાં

◆ આપણે જગતને જોઈએ છીએ અને તેનો વિચાર કરીએ છીએ, પણ ક્યારેય એ નથી વિચારતા કે હું કોણ છું, ક્યાંથી આવ્યો છું અને મારા જીવનનું લક્ષ્ય શું છે.

◆ જે પોતાના આત્મસ્વરૂપને જાણતો નથી, તે પરમાત્માને ક્યારેય ઓળખી શકતો નથી.

◆ ઇશ્વર જીવને ઘણું બધું આપે છે, પણ પોતાનું સ્વરૂપ હંમેશાં છુપાવીને રાખે છે, જેથી લેનારને ક્યારેય સંકોચ ન થાય.

◆ આ જગતના પાલનહાર ક્યારેય સૂતા નથી, તે નિદ્રામાં પણ જીવનું રક્ષણ કરે છે.

◆ જાગ્યા પછી પણ જે પથારીનો મોહ છોડતો નથી, તેનાથી મોટો કોઈ મૂર્ખ નથી.

◆ આ સંસારમાં કોઈપણ જીવ તમારો કાયમી સાથી નથી, આપણો સાચો અને સર્વકાલીન મિત્ર માત્ર પરમાત્મા જ છે.

◆ ઇશ્વરે સંસારમાં જાણી જોઈને



અશાંતિ અને દુઃખ રાખ્યા છે, જેથી જીવ સંસારથી કંટાળીને પાછો પરમાત્મા પાસે આવે.

◆ ભગવાનની ભક્તિ એવી રીતે કરો કે 'હું પુરૂષ છું કે સ્ત્રી' એવો દેહભાવ જ ભુલાઈ જાય.

◆ પરમાત્મા તમારી પાસેથી સંપત્તિ નથી માંગતા, તેઓ માત્ર ભક્તિ માટે તમારો સમય માંગે છે.

◆ પુણ્ય કરવું સરળ છે, પરંતુ પાપ છોડવું અત્યંત કઠિન છે. ભગવાન જેને પાપ કરતાં અટકાવે, તેનું જ પાપ છૂટે છે.

◆ આખા જગતને પ્રસન્ન કરવું અશક્ય છે, પરંતુ એક પરમાત્માને પ્રસન્ન કરવા બિલકુલ અશક્ય નથી.

◆ નાળિયેરનું પાણી સુકાય ત્યારે જ કાચલી અને કોપરું અલગ પડે છે, તેમ સંસારના સુખનો મોહ છૂટે ત્યારે જ આત્મા અને દેહનો ભેદ સમજાય છે.

◆ કથા સાંભળ્યા પછી જો તેનું મનન અને ચિંતન થાય અને જીવનમાં ઉતારવામાં આવે, તો જ શ્રવણ સાર્થક થાય છે.

◆ આ શરીર લાકડા કે કાચલી જેવું છે જે બળીને માટીમાં ભળી જવાનું છે, જ્યારે આત્મા અમર અને રસમય છે.

◆ આ દ્રશ્યમાન જગત ક્ષણ-ક્ષણમાં બદલાય છે, તે સત્ય નથી. માત્ર દ્રષ્ટા સ્વરૂપ પરમાત્મા જ સનાતન અને સત્ય છે.

# જિતે જી મુડદા બન જા, મૈંને મુડદા બન કે સબકુછ પાયા હૈ!

**''મડદાને રાગ નહીં - દ્વેષ નહીં - માન નહીં, અપમાન નહીં - ન આદરભાવ - ન તિરસ્કાર મુડદા હૈ સિર્ફ સ્થિતપ્રજ્ઞ - ન સુખ, ન દુઃખ''**

**- જગદ્‌ગુરૂ શંકરાચાર્ય**

મડદું એ મડદું છે જ્યાં લાગણી, પ્રેમ-હૂંફ-સંવેદના-વેદના-ગતિ-પ્રગતિ-અધોગતિ, અહમ્-અહંકાર માન-અપમાન, ઘૃણા-તિરસ્કારને સ્થાન નથી. મડદાને પીડા નથી, વ્યાધિ નથી, ઉપાધિ નથી, વિષાદ નથી - અહીં માત્ર શૂન્યાવકાશ બની રહે છે. મડદાં માટે જગત એક સ્થિતપ્રજ્ઞ સ્વરૂપ બની રહે છે. મડદાનું અહીં જીવાત્મા વગરનું શરીર જ્યાં સમતા છે, અનાસક્તિ છે - તિરસ્કાર, ઘૃણા-



ધિક્કાર નથી, ઇર્ષ્યા-રાગ-દ્વેષ નથી તેમજ માત્ર વૈરાગ્ય અને ત્યાગની હાજરી છે - હિંસા કે વ્યાભિચાર વગર ! તેથી જ મડદાનો દેહ ક્ષમાપાત્ર-વંદનીય બની રહે છે ! વિશેષ રજૂ કરું તો - મડદા પાસે ભૌતિક શરીર છે - દેહ છે પણ જીવંત ચિત્ત કે મન નથી - ચિત્ત મૃતપ્રાય છે માટે જ આ મડદાદેહને સંસારમાં કોઈ મોહ નથી, માયા-લોભ ક્યાંય નડતાં નથી. મડદા પાસે માત્ર છે - ચિર સ્વરૂપની સ્થાયી શાંતિ, સ્થિરતા - સ્થિતપ્રજ્ઞતા !

સંસારી દરેક મનુષ્ય જીવાત્માએ મડદા પાસેથી સંદેશ કે પ્રેરણા જીવનસફર દરમ્યાન ઉતારવા જેવાં છે - જીવનસંગ્રામમાં જીવતા જીવતા મડદાં જેવા બની, મડદા જેવાં સ્વભાવે સુખ-દુઃખ ગ્લાનિ-વ્યથા-વિષાદ, આનંદ-ઉમંગ કે ઉદાસી હ 'સ્થિતપ્રજ્ઞભાવે' મિથ્યા જગત જોવાનું છે જ્યાં ક્યાંય કોઈ જ માલિકીભાવ નથી - ધનવૈભવનો કે વિદ્યાનો ! અહીં જગત માત્ર આભાસી છે - એક મૃગજળ સમાન.

મનુષ્યે જન્મ-મરણ વચ્ચેનાં વ્યર્થ દોડધામ સમયનાં એકત્રિત કરેલ વિદ્યા કે ધનપ્રાપ્તિ છેલ્લાં શ્વાસે 'માટીનાં ઢેફાં' જેવાં મૂલ્યહીન બની રહે છે - 'ન મમ ધનઃ ન મમ વિદ્યાઃ'

ઉપરોક્ત પ્રેરક સંદેશ એ છે કે દરેક મનુષ્ય એ માનવદેહ ધારણ કર્યો છે માટે મડદાં જેવી સ્થિતપ્રજ્ઞ જીવનશૈલી જીવી સંસારની ભવયાત્રા પરિપૂર્ણ કરવી - સહજ સિદ્ધ કરવી રહી !

સૌનું કલ્યાણ થાઓ - મંગલ હો એવી ભાવઊર્મિ.

**- કમલેશ હરિપ્રસાદ દવે**

# મહાન ઋષિઓના પ્રેરક વિચારો

(૧) સાધનસામગ્રી વધવાથી જીવનમાં શાંતિ આવી જતી નથી. શાંતિ તો જીવનમાં કોઈ ઉદ્દેશ્યને સિદ્ધ કરવાથી આવે છે.

(૨) એવાં અનેક ઉદાહરણ છે જેનાથી એ ખબર પડે છે કે જીવનમાં વારંવાર અસફળ અને અપમાનિત થયેલી વ્યક્તિ એવું કંઈક કરી ગઈ જે બીજા લોકો માટે અસંભવ લાગી રહ્યું હતું.

(૩) મનુષ્ય શરીરનો દુરૂપયોગ કરીશું તો આ શરીર બીજી વાર નહીં મળે. આપણને જે સ્વતંત્રતા મળી છે તે બીજાનું કલ્યાણ કરવા માટે મળી છે.

(૪) સંસારમાં આજે બુરાઈઓ એટલા માટે છે કે લોકોના મનમાં ખરાબ વિચારોનું આક્રમણ વધારે છે. આજે વેદો, ઉપનિષદો, પુરાણો વગેરે વાંચવાનું ચર્ચા કરવાનું તો દૂર પરંતુ આ ગ્રંથોનું નામ લેવું પણ પછાતપણાની નિશાની માનવામાં આવે છે. આજની ફિલ્મોમાં હિંસા, અશ્લીલતા, સ્વેચ્છાચાર, ગંદકી સિવાય કંઈ જ હોતું નથી.

(૫) મનુષ્યના જીવનમાં સૌથી પહેલું સ્થાન ઇશ્વરનું છે તેના પછી ચરિત્રનું અને ત્યારબાદ ધનનું સ્થાન છે.

(૬) આત્માની ભૂખ કર્તવ્ય પૂરું કરવાથી શાંત થાય છે.

(૭) ડોક્ટરોનું કહેવું છે કે રાત્રે ભોજન કર્યા પછી ઓછામાં ઓછું વીસ મીનીટ ચાલવું જોઈએ. એનાથી ખોરાક જલદી પચી જાય છે અને આપણું પાચનતંત્ર સ્વસ્થ રહે છે. દરરોજ ચાલવાની ટેવ રાખવાની ઊંઘ પણ સારી આવે છે. નિયમિત ચાલતા રહેવાથી લોહીના દબાણમાં સુધારો થાય છે. રોગપ્રતિકારક શક્તિ વધે છે અને આપણું શરીર રોગનો ભોગ બનતું નથી.

**- જયેન્દ્ર ગોકાણી**

# વિદુરજીનો ઉપદેશ

મહાભારતમાં વિદુરનીતિ બહુ જ પ્રસિદ્ધ છે. મહાભારતના વિદુરજી પોતે સ્પષ્ટ વક્તા છે અને જ્ઞાની છે. શ્રીમદ્ ભાગવતજીમાં વિદુરજી સ્પષ્ટ વક્તા અને જ્ઞાની સાથે ભગવાનના ભક્ત તરીકે પ્રસ્તુત થાય છે. ભગવાનને અત્યંત પ્રિય પાત્ર એટલે વિદુરજી. જ્યારે ભગવાન શ્રીકૃષ્ણએ ઉદ્ધવજીને જ્ઞાન આપ્યું તે સમયે ભગવાન શ્રીકૃષ્ણએ ઉદ્ધવજીને કહ્યું હતું કે, 'મારો ભક્ત વિદુર મળે તો તેમને આ જ્ઞાન આપજો'. શ્રીમદ્ ભાગવતજીના તૃતિય સ્કંધના પ્રથમ અધ્યાયમાં વિદુરજીની તિર્થયાત્રાનું વર્ણન છે. વિદુરજી કોઇ સામાન્ય વ્યક્તિ નહોતા. હસ્તિનાપુરના મંત્રી હતાં. ભગવાનના ભક્ત હતાં. માટે જ્યારે ભગવાન શ્રીકૃષ્ણ શાંતિદુત બની હસ્તિનાપુરમાં આવ્યા તે સમયે ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું કે, હે દુર્યોધન ! પાંડવોને રહેવા માટે પાંચ ગામ તો આપો.! તે સમયે દુર્યોધને કહ્યું કે, સોયના અણી જેટલી જમીન પણ પાંડવોને નહીં મળે. પાંડવોએ જે કંઇ લેવું હશે એ યુદ્ધ કરીને મેળવવું પડશે. એ બધી વાત જવાદો ! છપ્પનભોગ તૈયાર છે. ભગવાન બોલ્યાં હે દુર્યોધન ! તને ખબર નથી કે વ્યક્તિ ક્યારે ભોજન કરે ? એક તો આપત્તિના સમયે ભોજન કરવું જ પડે અવું હોય ત્યારે વ્યક્તિ જમે અને બીજું કે જો જમાડવાવાળાનો ભાવ હોય ત્યારે વ્યક્તિ ભોજન કરે. અત્યારે આ બન્નેમાંથી એકેય પરિસ્થિતિનો હું અહેસાસ કરતો નથી. હું નથી અત્યારે આપત્તિમાં કે નથી તને મારા ઉપર કોઇ ભાવ ! તો હું શું કામ ભોજન કરું?

દુર્યોધનના છપ્પનભોગનો ત્યાગ કરી ભગવાન વિદુરજીના મહેલમાં આવ્યાં. કુંતાજીને મળી વિદુરજીને મળી ભગવાન નિકળ્યા. તે સમયે ધૃતરાષ્ટ્રે વિદુરજીને બોલાવ્યાં. અહીંયા સમન્વયની દ્રષ્ટિએ જોઇએ તો ભાગવતમાં વિદુરજી અને રામાયણમાં વિભિષણ. રાવણે વિભિષણનું ન માન્યુ માટે રાવણના કુળનો સંહાર થયો અને અહીંયા ધૃતરાષ્ટ્રે વિદુરનું ન માન્યુ માટે કૌરવ કુળનો સંહાર થયો.

વિદુરે ધૃતરાષ્ટ્રને નીતિની વાત કરી. તેઓએ કહ્યું કે, મહારાજ ! તમે અજાતશત્રુ મહાત્મા યુધિષ્ઠિરને તેમનો ભાગ આપી દો. તમારો અસહ્ય અપરાધ છે. તેને પણ તે સહી રહ્યાં છે. ભીમરૂપી કાળા નાગથી તો તમે પણ ઘણા ગભરાઓ છો; જુઓ, તેમના નાના ભાઇઓ સહિત તેઓ પ્રતિશોધ માટે ફુંફાડા મારી રહ્યા છે. તમને ખબર નથી શ્રીકૃષ્ણે પાંડવોને અપનાવી લીધા છે. યદુવીરોના આરાધ્યદેવ તેઓ અત્યારે પોતાની રાજધાની દ્વારકાપુરીમાં વિરાજમાન છે. તેમણે પૃથ્વીના બધા જ રાજાઓને પોતાને આધીન કરી લીધા છે તથા બ્રાહ્મણો અને દેવતાઓ પણ તેમના જ પક્ષે છે. જેને તમે પુત્ર માનીને પોષી રહ્યા છો અને જેની હામાં હા ભણી રહ્યાં છો તે દુર્યોધનના રૂપમાં તો મૂર્તિમંત દોષ જ તમારા ઘરમાં ભરાઇ બેઠો છે. તે તો સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણનો પણ દ્વેષ કરનારો છે. એના જ કારણે તમે ભગવાન શ્રીકૃષ્ણથી વિમુખ થઇને શ્રીહીન થઇ રહ્યાં છો. તેથી તમે જો પોતાના કુળનું હિત ઇચ્છતા હો તો તે દુષ્ટનો તરત જ ત્યાગ કરી દો.

**વિદુરે ધૃતરાષ્ટ્રને નીતિની વાત કરી. તમે અજાતશત્રુ મહાત્મા યુધિષ્ઠિરને તેમનો ભાગ આપી દો. ભીમરૂપી કાળા નાગથી તો તમે પણ ઘણા ગભરાઓ છો; તેમના નાના ભાઇઓ સહિત તેઓ પ્રતિશોધ માટે ફુંફાડા મારી રહ્યા છે. તમને ખબર નથી શ્રીકૃષ્ણે પાંડવોને અપનાવી લીધા છે.**

વિદુરજીનો સ્વભાવ એવો સુંદર હતો કે સાધુજનો પણ તેને અંગીકાર કરવા ઇચ્છતા હતા. પણ, કૌરવોને વિદુરજીની વાત ગમી નહીં માટે તેમણે વિદુરજીનું અપમાન કર્યું.

આ સમગ્ર પ્રસંગનો એક જ સાર છે કે, જે સંતાનના માતા-પિતા એ મોહવશ હશે તે બાળકોને ક્યારેય પણ સંસ્કારનું સિંચન નહીં કરી શકે. બાળકને પ્રેમ જરૂર આપો પણ એની સાથે-સાથે સંસ્કાર અને શિસ્ત આપવાનું ચુકશો નહીં, કારણ કે બાળક એ આવતીકાલનું ભવિષ્ય છે. એ જ આ પ્રસંગનો સાર છે. અસ્તુ...

**- પ્રજ્ઞાચક્ષુ ડો. કૃણાલ જોષી**

# જીવનમાં શુધ્ધતા સંયમની શક્તિ એકદમ આવતી જ નથી

આમ નિસ્વાર્થ ભાવે અપેક્ષા આશા વિના કર્તા ભાવને મનમાંથી તિલાંજલિ આપી ને અહંકારથી મુક્ત થઇને કર્મો કર્યે જ જાવ કારણ કે કર્મો જ ચિત્તને શુદ્ધ કરે છે, સ્થિર કરે છે. આમ કર્મ છોડાય નહીં પણ કર્તા ભાવને છોડો અને કર્મો કરો એને સાચો ઉપાય છે. જીવનમાં નિરંતર પવિત્ર અને આત્મિક સત્યના આધાર વાળા જ વિચારો કર્યે રાખો આજ હલકા ખરાબ દુષ્ટ વિચારોને દબાવવાનો સર્વ શ્રેષ્ઠ એક માત્ર ઉપાય છે, આમ જીવનમાં ચારિત્ર એટલે સારી અને નરસી ટેવોનું પોટલું છે, અને આત્મિક સત્યસ્વરૂપ ટેવો એટલે જીવનમાં પુનરાવર્તન અને પરિવર્તિત થયેલી ટેવો જે માણસના ચરિત્રને સો ટકા સુધારી શકે છે, અને આત્મિક સત્યમાં સ્થિર કરે છે., અને ધ્યાનની આંતર સાધના દ્વારા જ માણસ સ્થિત પ્રજ્ઞ અને ત્રિગુણાંતિત બની શકે છે, જે જીવનની મહા સિદ્ધિ છે, પણ આનાં માટે લાંબી ધ્યાનની સાધનાની જરૂર પડે છે.

**જીવનમાં ચારિત્ર એટલે સારી અને નરસી ટેવોનું પોટલું છે. આત્મિક સત્યસ્વરૂપ ટેવો એટલે જીવનમાં પુનરાવર્તન અને પરિવર્તિત થયેલી ટેવો જે માણસના ચરિત્રને સો ટકા સુધારી શકે છે**

આમ પોતાની જ સારી અને સત્ય સ્વરૂપ વૃત્તિઓને ચિત્તમાં સંપૂર્ણ રીતે સ્થિર રાખવાનો નિરંતર પ્રયત્ન કરતાં જ રહેવું જોઇએ, એજ સાધકની પવિત્ર ફરજ બને છે, અને મનને તરંગો વિનાનું એટલે એમાં તરંગો ઉઠતાં અટકાવવાનો પ્રયાસ નિયમિત કરતાં જ રહેવું જોઇએ. આમ સત્ય સ્વરૂપ થવાના ધ્યેયને પૂર્ણ કરવા માટે સ્વસ્થતાપૂર્વક લાંબા સમય સુધી આત્મિક સત્યમાં સ્થિર થઇને નિરંતર પ્રયત્ન કરતાં જ રહેવું જોઇએ. જીવનમાં શુધ્ધતા સંયમની શક્તિ એકદમ આવતી જ નથી તેને માટે માણસે લાંબા સમય સુધી ધ્યાનની સાધના કરવી જ પડે છે, જાગૃતિપૂર્વક જીવન જીવવાની જરૂરિયાત છે, આમ નિરંતર ધ્યાનનો અભ્યાસ જ કરવાથી માણસ પોતાના જ પરમ સત્યમાં સ્થિર થાય છે, એજ જીવનની સિદ્ધી છે.

**- તત્વચિંતક વિ. પટેલ**

# ખોવાયેલો ખજાનો મળ્યો, નહીં વિચારેલો ખજાનો મળ્યો આનંદથી ગાંડાઘેલા બન્યા

## આંખ છીપ, અંતર મોતી

**આચાર્ય રાજહંસ**

'આ બધા રદ્દી કાગળો છે.'

'ખબર છે.'

'કેટલીયે વખત આ કબાટ અને આ જગ્યાએ નજર ફેરવી ચૂક્યા છીએ આપણે.'

'ખબર છે.'

'તો આજે ફરી શું કામ ત્યાં નજર નાખવી ?'

'એક વાત- એમ કહેવાય છે કે ઘણી વખત રદ્દીમાંથી પણ નોટોની ગડ્ડીઓ મળી જાય. કચરામાંથી પણ સોનું મળી જાય.'

'હા, પણ આ આપણે અનેકવાર જોઇ ચૂક્યા છીએ.'

'બીજી વાત, એમ કહે છે કે એકવાર નહીં, પણ અનેકવાર નજર ફેરવી ચૂક્યા હોઇએ. છતાં ય ક્યારેય નસીબ એવું જોર કરી જાય કે જોયેલી જગ્યાએથી ખજાનો મળી જાય. અનેકવાર તે સ્થળોએ ફરી વળ્યા હોઇએ, પણ એક પળ એવી આવી જાય કે લખલૂટ ખજાનો હાથ લાગી જાય.'

'હા, તો શોધો. હું અહીં બેઠો છું.'

★★★

'જુઓ, જુઓ, મળી ગયો ખજાનો.. અઢળક ખજાનો જે ખજાનો આપણે વર્ષોથી શોધતા હતા, એ તો મળ્યો... પણ આપણે નહોતા. જાણતા એવોય અઢળક ખજાનો છે. અહીં આવો બધા... અહીં આવો... ધીરે રહીને, સાચવીને આ ખજાનો કાઢીએ.'

અને બધાએ ભેગા મળીને એ ખજાનો બહાર કાઢ્યો. રદ્દી વચ્ચેથી મળેલો આ ખજાનો જોઇને સૌની આંખો પહોળી થઇ ગઇ. મન ભરીને એ ખજાના જોવાનો આનંદ માણ્યો. બધાં ગાંડા થઇ ગયા.

ખોવાયેલો ખજાનો મળી જાય અને નહીં કલ્પેલો ખજાનો મળી જાય તો આનંદ કોને ના થાય ? કોણ ગાંડો ના થાય ?

બધાએ ભેગા મળીને ગણવાનું ચાલુ કર્યું. ૧, ૨, ૩...૧૦...૨૦...૧૦૦..૫૦૦.. ૧૦૦૦... ૨૦૦૦... ૫૦૦૦... આંકડો આગળ વધતો જ ગયો... ૧૦૦૦૦.. દશહજારે એ આંકડો પહોંચ્યો.

★★★

અમદાવાદ શહેર વિસ્તારમાં આવેલ શ્રી વિજયનેમિસૂરિ જ્ઞાનશાળા- પાંજરાપોળની એ ઘટના- અહીંના જ્ઞાનભંડારમાંથી અમુક વધારાના પુસ્તકો-પ્રતો શેઠશ્રી હઠીભાઇની વાડી ખાતેના નવા જ્ઞાનભંડારમાં ફેરવવાના હતા. એટલે એ પુસ્તકો ફેરવવાનું કાર્ય ચાલું હતું. અને જેટલા દિવસ ધાર્યા હતા, તેથી એક દિવસ વહેલું એ કાર્ય પણ થઇ ગયું હતું.

એટલે એક દિવસ વધારાનો હતો. કારણકે પછી બીજા દિવસે હઠીભાઇની વાડીમાં રહેલા જ્ઞાનભંડારના પુસ્તકો સરખા કરવાના હતા...

એટલે આ વધારાના દિવસે કબાટો ફરી જોવાની પ્રક્રિયા ચાલી રહી હતી... કામના અને નહીં કામના એ પુસ્તકો ફેંદી રહ્યા હતા. ત્યાં એ રદ્દીમાંથી એવા કાગળો મળ્યા, જે પેન્સીલથી લખાયેલા હતા. એક બે નહીં, પણ ગણ્યા ત્યારે ખબર પડી કે આ ૧૦૦૦૦ કાગળો લખાયેલા છે. આમાંના અમુક કાગળોની શોધખોળ ચાલુ હતી. પણ મળતા ન હતા. અનેકવાર એ કબાટો જોવાઇ ચૂક્યા હતા, પણ આજે પહેલીવાર આ કાગળો નજરે પડ્યા.

★★★

શાસનસમ્રાટ આચાર્યશ્રી વિજયનેમિ સૂરીશ્વરજી મહારાજા અનેક શાસ્ત્રોના નિષ્ણાત હતા. એમણે અનેક શાસ્ત્રો પર વિવેચન લખ્યું હતું. છપાયું ન હોય, તેવું અઢળક સાહિત્ય હતું. જેની શોધ આજે પૂરી થઇ હતી. પૂજ્યશ્રીના શિષ્યો દ્વારા લખાયેલ સાહિત્ય પણ આ કાગળોના ખજાનામાં મળી આવ્યું. જેની તો કોઇ જાણ પણ ન હતી.

આચાર્યશ્રી વિજયશીલચંદ્ર સૂરિજી મહારાજ તથા તેમના શિષ્ય-પ્રશિષ્યોને આ સાહિત્ય હાથ લાગ્યું. સંસ્કૃતભાષામાં અઘરા ગ્રંથોપર લખાયેલા આ વિવરણ સાહિત્યને સંપાદન કરવાનું કાર્ય વિચારાયું.

'સન્મતિ તર્ક પ્રકરણ' નામનો આકર ગ્રંથ મુનિશ્રી ત્રૈલોક્ય મંડન મહારાજે હાથમાં લીધો.. નેમિસૂરિદાદાના શ્રી હસ્તે લખાયેલા ૩૦૦ પાનામાં એ ટીકાગ્રંથ ફેલાયેલો હતો.

આચાર્યશ્રી સિદ્ધસેનદિવાકર સૂરિજી મહારાજે જે મૂળ ગ્રંથની રચના કરી હતી. ન્યાયપંચાનન આચાર્ય અભયદેવ સૂરિજી મહારાજે જે ગ્રંથ ઉપર વિસ્તૃત સંસ્કૃત ટીકા રચી હતી... જે ટીકાગ્રંથ ૨૫૦૦૦ શ્લોક પ્રમાણ હતો, તે ટીકાગ્રંથ ઉપર પૂજ્ય નેમિસૂરિદાદાએ વિશાળ વિવરણ લખ્યું હતું. ૩૦૦૦ થી વધુ હસ્તાલેખિત પાનાઓમાં સચવાયેલ આ સાહિત્ય આજે છ ભાગમાં ૩૦૦૦ થી વધુ પૃષ્ઠો પર ઉભરાઇને બહાર આવી રહ્યું છે. તા.૧-૧૧-૨૦૨૬ના રોજ જેનું વિમોચન છે તે ગ્રંથનું સપનું ૨૦ વર્ષ પૂર્વે જોયું હતું. જે આજે ફળીભૂત થઇ રહ્યું છે.

### પ્રભાવના

દીપાવલીના દિવ્ય દિવસે જેઓ આ પૃથ્વી પરથી દિવ્ય ભૂમિ તરફ પ્રસ્થાન કરી ગયા એવા આચાર્યશ્રી વિજયનેમિસૂરિજી દાદા આજ સુધી તીર્થોદ્ધારકના રૂપમાં પ્રસિદ્ધ હતા.. પણ આજે આ ન્યાયથી આકર ગ્રંથ પરની સંસ્કૃત વિવરણની રચના બાદ પૂજ્યશ્રી એક ન્યાયાચાર્ય તરીકે પણ જ્ઞાનચક્ષુ પર ઉભરી આવ્યા છે.

પૂજ્યશ્રીના આ આકર-મહાન ગ્રંથના સંશોધન-સંપાદન કાર્ય કરનારા પંડિત શ્રી ત્રૈલોક્યમંડળ મહારાજને પૂછવામાં આવ્યું કે આ કઠિન ગ્રંથ કોણ અને કેટલા વાંચશે ? ત્યારે મસ્ત જવાબ આપતા તેમણે કહ્યું : આમ ના બોલો કે કોણ વાંચશે ? આમ વિચારો કે આ મહાન ગ્રંથ કેવા મહાન પુરુષો વાંચશે !! કેવો એ મહાન સ્પર્શ હશે !!'

# રાજા ઋષભદેવે જગતને સર્વપ્રથમ રાજનીતિ શીખવી!

નૂતન ઇતિહાસના સર્જન માટે જેટલા વિદ્યાપુરુષાર્થની જરૂર હોય છે, એટલો જ સંશોધન-પુરુષાર્થ પ્રાચીન ઈતિહાસને જાણવા માટે કરવો પડે છે. એમાં પણ જ્યારે ઈતિહાસને પેલે પાર રહેલા યુગની ખોજ કરીએ, ત્યારે કેટલાય નવીન તથ્યો હાથ લાગતા હોય છે. આવો એક પ્રયાસ માનવસંસ્કૃતિના પુરોધા સમાન ભગવાન ઋષભદેવના વ્યક્તિત્વને સમજવા માટે 'ઋષભાયન'નાં આયોજનો દ્વારા પ્રભાવક રીતે ચાલી રહ્યો છે. એનો પ્રથમ પ્રારંભ થયો અમદાવાદમાં, એ પછી ગયા વર્ષે એનું વિસ્તૃત સ્વરૂપ પ્રગટ્યું મુંબઈમાં અને હવે વિરાટ સ્વરૂપ પ્રગટશે વડોદરાનાં નવલખી મેદાનમાં યોજાયેલા 'ઋષભાયન-૩' દ્વારા. આપણી સંસ્કૃતિનાં મૂળની શોધ કરીએ, ત્યારે આપણને ગ્રંથપરંપરા અને લોકપરંપરામાં પ્રથમ રાજા, પ્રથમ શિક્ષક, પ્રથમ સાધુ અને એથીય વધુ તો તીર્થંકર પદ પ્રાપ્ત કરે છે ભગવાન ઋષભદેવ.

એક એવું જીવન કે જેમાં માનવ ઉદ્ધારની સાથોસાથ જગતકલ્યાણ જોડાયેલું છે. જેમાં જ્ઞાનપરંપરાની સાથોસાથ લોકપરંપરાનું પ્રતિબિંબ ઝીલાયું છે. જેમાં માનવજીવનને સુદ્રઢ અને વ્યવસ્થિત કરવાના પ્રયત્નની સાથોસાથ અધ્યાત્મજીવનની ઊંચાઈને સ્પર્શ કરવામાં આવ્યો છે અને પછી તમે ભારતીય સંસ્કૃતિનાં મૂળ ગ્રંથોમાં દૃષ્ટિપાત કરો, ત્યારે રાજા ઋષભદેવનું ચરિત્ર જોવા મળે છે.

સમયનાં પ્રવાહની સાથોસાથ એની જુદાં જુદાં પ્રકારે ઉપાસના થતી રહી અને ગંગાનાં મૂળમાં રહેલી ગંગોત્રીની ખોજ કરતા ખ્યાલ આવ્યો કે રાજા ઋષભદેવે જગતને કેટલી બધી અપૂર્વ ભેટ આપી છે. અસિ, મસિ, અને કૃષિ દ્વારા માનવસંસ્કૃતિનો પાયો નાખ્યો. એમણે માત્ર જીવન જીવતા જ શીખવ્યું નહીં, બલ્કે એ જીવનમાં કલાનાં સૌંદર્યનું ઉમેરણ કર્યું. સમાજની રચનાની સાથોસાથ એ સમાજ અહિંસાથી જીવે, વેરભાવનો ત્યાગ કરે, યોગ્ય રાજનીતિને પરિણામે જનજીવન વ્યવસ્થિત ચાલે- એ બધું એમણે શીખવ્યું. વળી એની સાથોસાથ વિદ્યા, વાણિજ્ય અને કલાનો રાજા ઋષભદેવે વારસો આપ્યો. દાંપત્યનો મહિમા, માતૃભક્તિનું ગુંજન અને પરિવારના પ્રેમનું મહાત્મ્ય આ જગતને એમણે પહેલવહેલું સમજાવ્યું. પોતાની પુત્રી બ્રાહ્મી અને સુંદરીને વિદ્યાવાન બનાવી અને અનેક ભાષાની જાણકાર

**આકાશની ઓળખ**

**કુમારપાળ દેસાઈ**

બ્રાહ્મીએ આ જગતને લિપિ આપી તો એની સાથોસાથ સુંદરીએ અનેક કલાનો ખ્યાલ આપ્યો.

આજ સુધી રાજા ઋષભદેવનાં કાર્યોની ઓછી ચર્ચા થઇ હતી, બલ્કે એમના સાધુજીવન પર વધારે નજર ઠેરવવામાં આવી હતી, પરંતુ રાજા ઋષભદેવનાં કાર્યો, એમની નીતિ, ઉપદેશ અને સંદેશ એ એ જમાનાને જેટલાં આવશ્યક હતા એટલાં જ જરૂરી આજનાં યુગને છે. એનો ખ્યાલ ઋષભાયન દ્વારા મળી રહ્યો. રાજા ઋષભદેવ એ આદિપુરુષ યુગપ્રવર્તક બન્યા અને એમણે માનવસમૂહને અહિંસાનો વિવેક સમજાવ્યો. બાહ્યસમૃદ્ધિ કે પરિગ્રહોને બદલે અપરિગ્રહ અને આંતરસમૃદ્ધિની ઓળખ આપી. એથીય વિશેષ જુદાં જુદાં વ્યવસાયો કરતી પ્રજાને અનેકાંત દૃષ્ટિથી એવી રીતે ગૂંથી કે જેથી એક સંસ્કૃતિનું સર્જન થાય.

એ સમયની અંધાધૂંધી પરિસ્થિતિમાં રાજા ઋષભે વ્યવસ્થિત શાસનવ્યવસ્થા આપી. સુરક્ષા, વ્યાપાર અને ઉત્પાદનની વ્યવસ્થા કરી. લોકોએ કુમાર ઋષભધ્વજને રાજા બનાવ્યા અને તેઓ આદિ પૃથ્વીનાથ કહેવાયા. આ આદિ પૃથ્વીનાથે માનવીને રહેવા માટે ઘર, જમવા માટે ભોજન અને જીવવા માટે અભય એમ ત્રણ આપ્યાં. રઝળતાં, વિખરાયેલાં માનવીય ટોળાંઓને એમણે માનવીય સમાજમાં પરિવર્તિત કર્યા. રાજવ્યવસ્થા અને




રાજનીતિ ઘડી. આજે આપણે જાણીએ છીએ કે રાજવ્યવસ્થાનું કેટલું મહત્વ છે અને દેશનું સુપેરે સંચાલન એના દ્વારા થતું હોય છે.

વ્યવસ્થા જાળવવા માટે અનીતિ કે અવ્યવસ્થા કરનારને દંડ કરવાની જરૂર હોય છે. એમ કહેવાયું કે અનીતિરૂપી તમામ સર્પોને વશ કરવા વિષવિદ્યા સમાન દંડનીતિની જરૂર હતી અને એમાંથી બે દંડનીતિ રાજા ઋષભના સમયમાં થઈ. પહેલી દંડનીતિ એટલે 'પરિભાષા' આનો અર્થ એ કે અપરાધી વ્યક્તિને આક્રોશપૂર્ણ શબ્દોમાં નજરબંધ રાખવાનો દંડ કરવો. કઠોર શબ્દોથી એને પ્રતાડિત કરવો એટલે કે સખત ઠપકો આપવો. વિચાર કરીએ કે એ જમાનામાં માનવજાત કેવી નિર્દોષ હશે, કે કોઈને ઠપકો આપવો એ એક સજા ગણાતી હતી. રાજા ઋષભની બીજી દંડનીતિ એ હતી કે મંડલબંધ એટલે કે સીમિત ક્ષેત્રમાં રહેવાનો દંડ કરવો.

રાજા ઋષભદેવના સમયમાં આજિવિકા માટે છ સાધનો પ્રચલિત હતા. અસિ એટલે સૈનિકવૃત્તિ મસિ એટલે લિપિ વિદ્યા. કૃષિ એટલે ખેતીનું કામ. ચોથું વિદ્યા એટલે અધ્યાપન કે શાસ્ત્રોપદેશનું કામ. પાંચમું વાણિજ્ય એટલે વેપાર અથવા તો વ્યવસાય અને છઠ્ઠું શિલ્પ એટલે કલા અને કૌશલ. આ છ પ્રકારનાં આજિવિકાનાં સાધનો રાજા ઋષભધ્વજે પ્રજાને આપ્યાં અને એથી જ એ સમયના માનવીઓને 'ષટ્કર્મજીવિનામ' કહેવામાં આવ્યાં.

રાજા ઋષભે કહ્યું કે કલા કામધેનું અને ચિંતામણિ રત્ન છે. કલા જ આત્મકલ્યાણ કરનારી છે. એ જ ધર્મ, અર્થ અને કામરૂપ ફળ સહિત સંપત્તિઓને ઉત્પન્ન કરનારી છે.

વ્યવહાર સાધન માટે માન એટલે કે માપ, ઉન્માન એટલે તુલા આદિ વજન, અવમાન એટલે ગજ, ફૂટ, ઈંચ, આદિ અને પ્રતિમાન એટલે પાશેર, શેર, મણ વગેરે શીખવ્યું. મણિ વગેરે પરોવવાની કળાથી પણ અવગત કરાવ્યા. આદિ પુરાણકાર તો કહે છે, 'આદિ તીર્થંકરે સ્વયં પોતાની પુત્રીઓને લિપિસંસ્કાર આપતી વખતે અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, વગેરે વર્ણમાળા એટલે કે બારાક્ષરી લખીને અક્ષરજ્ઞાન આપ્યું હતું.

એમણે પોતાના રાજ્યની સુરક્ષા, વ્યાપાર અને ઉત્પાદનની વ્યવસ્થા કરી. અશ્વ, ગાય વગેરે પશુઓનો ઉપયોગ કરતા શીખવ્યું. રશિયામાં એક પ્રસિદ્ધ કહેવત છે કે, 'પૈસાદારોને બિચારાઓને પૈસા ખાવા પડે, જો ખેડૂતો અન્ન ઉગાડતા ન હોત.' તો રાજા ઋષભદેવે ખેતીની તાલીમ, હળ ચલાવવાની રીત, વાવણી કરવાની કલા - એ સઘળું શીખવ્યું. એની સાથોસાથ ગોવાળો પ્રાણીઓ પ્રત્યે સદ્ભાવ રાખે એની વાત કરી અને આ રીતે માનવજીવનની ઉપયોગી પ્રવૃત્તિઓનો વિકાસ કરીને એમણે માનવીનાં જીવનને શિષ્ટ, રસપ્રદ અને વ્યવહારું બનાવ્યું. એના ભીતરમાં રહેલી માણસાઈ જગાવી અને ભાવનાનું શિલારોપણ કર્યું. આ રીતે જગતનું કરુણાવત્સલ રાજા ઋષભદેવે ત્રેસઠ લાખ વર્ષ સુધી રાજા તરીકે પ્રજાનું સુંદર પાલન કર્યું.

ધર્મગ્રંથો કહે છે કે રાજકુમાર ઋષભધ્વજ તરીકે વીસ લાખ વર્ષ યુવરાજ પદમાં પસાર થયા અને પછી ત્રેસઠ લાખ વર્ષ એમણે રાજ્યની ધૂરા સંભાળી, પણ હવે ધર્મતીર્થ પ્રવર્તાવવા માટે રાજત્યાગનો સમય આવી પહોંચ્યો હતો.

હવે આગામી 'ઋષભાયન-૩'માં રાજા ઋષભે માનવસંસ્કૃતિને આપેલાં વારસાની ૨૭-૨૮ અને ૨૯ નવેમ્બરે યોજાયેલા વિચારમંચમાં થશે અને એમાં એ સમયની દંડનીતિ, વિશ્વશાંતિ વ્યવસ્થા, આદિ શિલ્પ વિજ્ઞાન, ગૃહસ્થનીતિ તેમજ અહિંસા, સંયમ અને અપરિગ્રહથી શોભતી હજારો વર્ષો સુધી સુવાસિત રહેનારી જીવનશૈલીનાં પાઠ શીખવ્યા. આ રીતે 'ઋષભાયન-૩'માં વિદ્વાનોનાં સંશોધનો, વક્તવ્યો ઉપરાંત પાકકલા, સ્વાધ્યાયપીઠ, અનુભૂતિ ઝોન અને એકેડેમિક સ્ટોલ દ્વારા ભારતના પરંપરાગત આહારની વાત થશે, જ્યારે સ્વાધ્યાયપીઠમાં સ્વાધ્યાયો પ્રસ્તુત થશે, અનુભૂતિ ઝોનમાં કલાપ્રદર્શન અને એકેડેમિક સ્ટોલમાં હસ્તપ્રત ગ્રંથો વગેરે દર્શાવવામાં આવશે. વળી જુદી જુદી વિદ્યાસંસ્થાઓ અને યુનિવર્સિટીઓ સાથે એક સંબંધ (રૈં) પણ સર્જવામાં આવશે. વારસાગત મંદિરો અને પ્રતિભાવોનું સર્વેક્ષણ, જિર્ણોદ્ધાર અને સંરક્ષણનું કાર્ય પણ ચાલશે. આ રીતે ઋષભાયન દ્વારા પ્રાચીન રાજવ્યવસ્થા, માનવસંસ્કૃતિ અને જીવનદૃષ્ટિનો સહુને ખ્યાલ મળી રહેશે.

# સંતે પ્રસન્નતાનું રહસ્યોદ્ઘાટન કર્યું

એ યુવાન સંતની કુટીર પાસે આવીને ઊભો છે. કુટીરની બહારનું દ્રશ્ય એ એકચિત્તે નિહાળી રહ્યો છે. 'વાહ... ! કલકલ વહેતી નદી નિર્મળ સરિતાને કિનારે તે રળિયામણા અને શાંત ઉપવનના સાન્નિધ્યે આ કુટીર આવેલી છે. વૃક્ષોની ડાળો પર બેઠેલાં પક્ષીઓનો કલરવ પૂરા વાતાવરણને સંગીતમય બનાવે છે. ફૂલો પર બેસીને મધુર રસ ચૂસતા ભ્રમરોને તેનો નાદ કર્ણમધુર છે. નદીની લહેરોને સ્પર્શીને આવતો મંદ સમીર તનમનને તરબતર કરે તેવો છે, પરંતુ આટલું આહલાદક અને સુંદર વાતાવરણ હોવા છતાં મારા મનને કેમ શાંતિ નથી અને હું જ્યારે જ્યારે અહીં આવું છું, મને આ સંતના દર્શન કરું છું ત્યારે મને એવું લાગે છે કે, આ સંત હંમેશાં પ્રસન્ન જ હોય છે. મને સંત જેવી સંપૂર્ણ પ્રસન્નતાના માલિક બનવાની ઝંખના છે તે ક્યારે પૂર્ણ થશે ? હા, ઘર કે ઓફિસના વાતાવરણમાંથી બહાર નીકળી જ્યારે જ્યારે અહીં આવું ત્યારે થોડીક હળવાશનો અનુભવ થાય છે, પણ તે ઘડી-બે ઘડી. ઓફિસ, ઘર વગેરેની પ્રવૃત્તિનું સ્મરણ થતાં નિરાકુળ દશા સરી જાય... આવું સતત ચાલ્યા કરે.' એટલામાં સંત બહાર આવે છે અને યુવકને પૂછે છે, 'ભાઈ, તું ક્યારે આવ્યો ? અને આમ ગંભીર વિચારમગ્ન મુખમુદ્રા ? શેના વિચારે ચડી ગયો છે ?' યુવાને ગુરુજીને વંદન કર્યા અને કહે કે, 'એક વાતની મને મૂંઝવણ છે. ગુરુજીએ સ્મિત સાથે કહ્યું, 'ભાઈ, આજે આપણે આ મૂંઝવણને ઉકેલી દેવી છે. મને કહે શી વાત છે ?'

'ગુરુજી, હું જ્યારે જ્યારે અહીંયા આવું ત્યારે ત્યારે મેં હંમેશાં તમારી પ્રસન્ન મુખમુદ્રાનાં જ દર્શન કર્યા છે. ક્યારેક તમારા મુખ પર મેં ઉદાસી, પ્રતિકૂળતા, ગ્લાનિ કે લગીરે દુઃખ-દર્દવાળી રેખાઓ જોઈ જ નથી. હા, અહીં તમે એકાંતમાં રહો, સ્વતંત્ર વિચરણ કરો છો, સંસારની જવાબદારીથી મુક્ત છો એ પણ પ્રસન્નતાનું એક કારણ હોય, પણ સાથે સાથે તમે છદ્મસ્થ શરીરધારી છો, ક્યારેક શરીર પીડા આપે, ક્યારેક સ્વાસ્થ્ય બરાબર ન હોય, માટે ઘણીવાર તમારે પણ પ્રતિકૂળ સંજોગોનો સામનો કરવો પડતો હોય છતાં તમારી પ્રસન્નતાની અખંડતા અને સાતત્ય હું જઈ શકું છું. તમારી આ પ્રસન્નતાનું

**પ્રભાતના પુષ્પો**

**ગુણવંત બરવાળિયા**

રહસ્ય શું ? ગુરુજી, આવી પ્રસન્નતાનો હું સ્વામી કઈ રીતે બની શકું ? મને તેનો સચોટ ઉપાય બતાવો.' ગુરુ કહે, 'ચાલ મારી સાથે.' યુવક અને સંત થોડું આગળ ચાલ્યા પછી સંત કહે, 'તું આ પથ્થર ઊંચકી લે.' યુવાને તે પથ્થર ઉંચકી લીધો. સંત કહે, 'જ્યાં સુધી તને પ્રસન્નતાની અનુભૂતિ ન થાય ત્યાં સુધી તું આ પથ્થર ઉપાડીને જ ચાલજે, જેવી અનુભૂતિ થાય ત્યારે તરત આ પથ્થર છોડી દેજે.' થોડું આગળ ચાલ્યા. સંત કહે, 'તો રસ્તાની બન્ને બાજુ ઊભા પાકથી લહેરાતાં ખેતરો, મા વસુંધરાની માનવ, પશુ-પંખીની ક્ષુધા સંતોષવી... આ અનુપમ ભેટ છે. જો કેવું સુંદર વાતાવરણ છે ! યુવક નિરુત્તર આગળ ચાલે છે. આગળ જતાં નદી આવે છે. સંત કહે, 'ભાઈ, ખળખળ વહેતી આ સરિતાના નીરમાંથી પ્રગટ થતું સંગીત માણવા જેવું છે ! જો ભાઈ, સમગ્ર સૃષ્ટિના જીવોની તૃષા છીપાવવા લોકમાતાના ઉપકારના સાતત્યનું દર્શન કેવું રળિયામણું છે ! છતાં તારા મુખ પર પ્રસન્નતાના ભાવો કેમ નથી ?' બે-ત્રણ કિલોમીટર આગળ ચાલ્યા. નપાણિયા પ્રદેશમાં પ્રવેશ્યા. બંજર જમીન સડક કિનારે છૂટાછવાયાં પર્ણવિહીન વૃક્ષો, સૂમસામ રસ્તો. સંત કહે, 'હવે આ પથ્થર નીચે મૂકી દે અને આગળ ચાલ.' બે-પાંચ ડગલાં ચાલ્યા પછી સંત યુવકને પૂછે છે, 'હવે કેવું લાગે છે ?' યુવક કહે, 'હું હળવો થયો. મને પ્રસન્નતાની અનુભૂતિ થઈ રહી છે.' સંત કહે, 'તેં જ્યાં સુધી તે પથ્થર ઉપાડ્યો હતો ત્યાં સુધી આહલાદક પ્રકૃતિ, સૌંદર્યસભર વાતાવરણમાં પણ તને પ્રસન્નતા ના મળી, કારણ કે તું પથ્થરના ભાર સાથે ચાલતો હતો. એક પથ્થર મૂકતાં બંજર રસ્તો સારું વાતાવરણ ન હોવા છતાં પ્રસન્નતા મળી, કારણ ભાર ગયો, હળવાશ આવી તેથી પ્રસન્નતા મળી.'

આપણે ઇચ્છાઓ, અપેક્ષાઓના પોટલા સાથે ચાલીએ છીએ. રાગ, દ્વેષ, લોભ, માન, માયા, ક્રોધના કષાયના ભાર સાથે જીવનમાં ચાલીએ છીએ જેથી પ્રસન્નતાની અનુભૂતિ થતી નથી. આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ આ ચાર સંજ્ઞાઓનો ભાર વેંઢારીને ચાલીએ છીએ જેથી જીવનમાં પ્રસન્નતા ગુમાવીએ છીએ. યાદ રહે, સરળતા જ જીવનનું સૌંદર્ય છે. આહાર પ્રત્યેની આસક્તિ ઓછી, અન્યને અભયદાન આપીએ, પરિગ્રહ અને વાસના પાતળી પડે તો પ્રસન્નતા આપણા દરવાજા પર ઊભી હશે. પ્રસન્નતાના રહસ્યોદ્ઘાટન કરનાર સંતને યુવક કહે, 'હે કલ્યાણમિત્ર ગુરુભગવંત, હવે મને સમજાયું કે, પ્રસન્નતાનો ભંડાર તો મારી ભીતરમાં જ છે.'

# ગંગામાતા ઓમ જય ગંગેમાતા



આ પણા પ્રાચીન ઋષિઓ-સંતોએ ગંગાને માત્ર જળ સ્રોત જ નહીં બલ્કે ચેતના અને જીવનદાયિની શક્તિ માની છે. ગંગા નદીને ગંગા માતા કહી છે.

આ પવિત્ર ગંગાનું વર્ણન ઘણાં કવિઓ અને મહાત્માઓએ પોત પોતાના સામર્થ્ય અનુસાર કર્યુ છે. આમ છતાંય માતા ગંગાનું વર્ણન અધુરું જ રહે છે.

ગંગામાં સ્નાન કરવાની ફક્ત આપણા જ ધોવાતા નથી પરંતુ આપણા કષ્ટો પણ નાશ પામે છે.

ગંગા આરતી મુખ્ય રૂપમાં ઋષિકેશ, હરિદ્વાર અને બનારસ (કાશ)માં થાય છે. આ નગરોની યાત્રા કરવાનું કોને ન ગમે? જો આ નગરોની યાત્રા કરીએ અને ગંગા: સ્નાન ના કરીએ તથા ગંગા આરતીના દર્શન ન કરીએ તો યાત્રા અધુરી ગણાય.

બનારસ નગરના ગંગા-કિનારે લગભગ ૧૦૦ ઘાટ છે, પરંતુ પૌરાણિક દશાશ્વમેધ પર દરરોજ સાંજ પછી ગંગા-મહા આરતી થાય છે. આરતી લગભગ ૪૫ મીનીટ ચાલે છે. આ ઘાટ પ્રસિદ્ધ કાશી વિશ્વનાથ મંદિરની બાજુમાં છે. ગંગા આરતીનું આયોજન 'ગંગા સેવા નિધી કરે છે. ચોમાસામાં ગંગા નદીમાં પૂર આવે છે. ત્યારે ગંગા નદીના ઘાટો પર પાણી ભરાઈ જાય છે. ત્યારે ગંગા સેવા નિધિના કાર્યાલયના છત પર ગંગા આરતી થાય છે.

**આરતીનો સમય**

**ઉનાળામાં :** (એપ્રિલ થી સપ્ટેમ્બર) સાંજે ૭.૦૦ વાગ્યા સુધી

**શિયાળામાં :** (ઓક્ટોબર થી માર્ચ) : સાંજે ૬.૩૦ વાગ્યા સુધી.

ગંગા આરતી સામાન્ય રીતે ૭ પુજારીઓ દ્વારા કરવામાં આવે છે. આ સાતેય પુજારીઓ ઊંચા ચબુતરા (પ્લેટ ફોર્મ) ઉપર એક સુંદર સુમેળબધ્ધ રીતે ગંગા આરતી ઉતારે છે. બધાએ કેસરી રંગના કૂતા અને સોનેરી કિનાર વાળી આછા પીળા રંગની ધોતી પહેરેલી હોય છે. પૂજારીઓના મંત્રોચાર, ગંગા, આરતી, ઘંટડીઓનો રણકાર તથા ગંગાના પાણીમાં દિવાઓનું પ્રતિબિંબ આખા વાતાવરણને અત્યંત પવિત્ર અને ભક્તિમય બનાવી દે છે.

હરિદ્વાર ભારતનું એક પવિત્ર શહેર છે. હરિદ્વારની ગંગાઆરતી વિશ્વ પ્રસિદ્ધ છે. આ મહા-આરતી આયોજન શ્રી'ગંગા સભા' દ્વારા કરવામાં આવે છે. આ મહાઆરતી હરિદ્વારના' હર કી પૌડી ઘાટ પર થાય છે. આ મહા-આરતીની શરૂઆત પંડિત મદન મોહન માલવીયાજીએ ૧૯૧૬માં કરી હતી.

હરિદ્વારની મુખ્ય ગંગાઆરતી 'બ્રહ્મકુંડ' પર અને બીજી સહાયક આરતીઓ સાથે કુલ-૧૧ આરતીઓ થાય છે. પૌરાણિક કથા અનુસરા સમુદ્રમંથન માંથી નિકળેલ 'અમૃતકુંભ'નું એક ટીપું આ જગ્યાએ પડ્યું હતું. આ જગ્યા ખૂબ જ પવિત્ર માનવામાં આવે છે.

આરતી જોવા માટે કોઇ શુલ્ક નથી તદન ફ્રી છે. મુખ્ય આરતી જેવી હોય તે યાત્રીઓએ ૨૧૦૦ રૂપીયા અને સહાયક આરતી જોવી હોય તે ૧૧૦૦ રૂપીયા ચુકવવા પડે છે. ઓન લાઇન બુકીંગ પણ થઇ શકે છે.

**આરતીના પ્રસિધ્ધ બોલ**

**'ઓમ જય ગંગે માતા**
**શ્રી જય ગંગે માતા ।**
**જો નર તુમકે ધ્યાતા**
**મનવાંછિત ફલ પાતા'**

થી શરૂઆત થાય છે.

ઉનાળામાં પ્રાત:કાલિન આરતી ૫:૩૦ વાગ્યે અને શિયાળામાં ૬:૩૦ વાગ્યે થાય છે.

સાંધ્યા આરતીનો સમય ૬ થી ૭ વાગ્યા સુધીનો છે. આ મહાઆરતી જોવા માટે હજારો લોકોનો મેળો ભરાય છે.

એક તરફ સ્ત્રી-પુરુષો, બાળકોની ભીડ તથા દેશી તથા વિદેશી મહેમાન ગંગા આરતી જોવા ઉત્સુક હોય છે. તેઓ ૩૦ થી ૪૦ મિનિટ પહેલા આવીને પોત-પોતાનું સ્થળ લેવામાં લાગી જાય છે. કોઇ દર્શનાથી ગંગા કિનારે તરતી હોડીમાં પોતાનું સ્થાન જમાવી દે છે. આરતી જય જય મા ગંગા શ્રી જય મા ગંગા'ના નાદથી ઘટતું પૂરૂં વાતાવરણ ભક્તિમય બની જાય છે. વિદેશી મહેમાનો માટે પણ આરતી વિશેષ આકર્ષણનું કેન્દ્ર બને છે અને આરતી ના પુરા સમય દરમ્યાન ભારતીય સનાતન સંસ્કૃતિના રંગે રંગાઇ જાય છે.

**- યજ્ઞેશચંદ્ર એચ.દોશી**

# શાસ્ત્રો, મંદિરો અને સંતો ઉપકારી માર્ગદર્શકો છે

અનેક સંતો-મહંતોએ નિર્જન સ્થાનોમાં બેસીને એકાંત સાધના કરી છે. બ્રહ્મને ઓળખવાના, પામવાના વિવિધ પ્રયોગો કર્યા છે. તેના પરિપાક રૂપે શ્રેષ્ઠ જીવન કેવી રીતે જીવી શકાય? શ્રેષ્ઠ વ્યક્તિ કેવી હોય? તેની સમજ આપવાનો પ્રયત્ન કર્યો છે.

રામાયણ, મહાભારત, ભાગવત, શ્રી ગીતાજી જેવા અનેક ગ્રંથોની રચના કરી છે. સનાતન ધર્મ અને સંસ્કૃતિના વાહક વેદોનો અભ્યાસ કરીને ભારતીય જીવનશૈલીની ઘોષણા કરી છે.



ભગવાન શ્રી રામ અવતાર ધારણ કરીને મનુષ્ય સહજ લીલાઓ કરે છે, છતાં મર્યાદાધર્મનું પાલન કરે છે.

ભગવાન શ્રીકૃષ્ણ અનેક સંઘર્ષો વચ્ચે કેવી રીતે લડવું? તે શીખવે છે. જીવનમાં જ્ઞાન પ્રાપ્ત કરવું જરૂરી છે, વીરતા, અડગતા, ધૈર્ય જેવા ગુણો કેળવવા જરૂરી છે. છતાં જીવન સંગીતને માણતાં શીખવે છે. સારી-નરસી ઘટનાઓ વચ્ચે શાંત-સ્થિતપ્રજ્ઞ કેવી રીતે રહેવું? તેનો બોધ આપવા ગીતાજીની રચના કરીને આપણા ઉપર મોટો ઉપકાર કર્યો છે.

મહાભારતમાં મહર્ષિ વેદવ્યાસજીએ રાજ્ય પરિવારની આંતરિક ખટ-પટ, કાવા-દાવા હોવા છતાં આવી વિષમ પરિસ્થિતિમાં ન્યાય પૂર્ણ જીવન કેવી રીતે જીવી શકાય? તેનાં પાત્રો આપણી સમક્ષ મૂકીને જીવનની વાસ્તવિકતાનું દર્શન કરાવ્યું છે.

ભાગવતમાં સતી સ્ત્રીઓનાં ચરિત્ર, તેમના જીવનમાં આવતા સંઘર્ષ તેમાંથી પાર ઉતરવા ભગવદ્ ભક્તિ, શ્રદ્ધા અને ઇશપારાયણતાનું મહત્ત્વ સમજાવ્યું છે.

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, અંતરમનમાં જ્ઞાન-બ્રહ્મજ્ઞાન મેળવીએ એટલું પુરતું નથી, જ્ઞાની બન્યા પછી જીવન સુકું, ભાવ વિહીન ન બનવું જોઇએ. બ્રહ્મજ્ઞાનીએ ભગવાન શ્રીકૃષ્ણની જેમ સંગીતમય, વિષાદ વગરનું શાંત અને સ્થિતપ્રજ્ઞ અવસ્થાનું જીવન જીવતાં શીખવાનું છે.

આપણું જીવન પ્રાપ્ત કરવા માટે આપણા ઋષિઓએ શાસ્ત્રોની રચના કરી છે. તેના વાહક સંતો આપ્યા છે અને ભગવદ્ ભક્તિ કરવા મંદિરોની રચના કરીને આપણા ઉપર મોટો ઉપકાર કર્યો છે.

**- નાથાલાલ બ્રહ્મક્ષત્રિય**

# હવનમાં 'સ્વાહા' શા માટે બોલવામાં આવે છે?

વેદોમાં અગ્નિદેવને દેવતાઓના દૂત માનવામાં આવ્યા છે. જ્યારે આપણે હવનમાં આહુતિ આપીએ છીએ, ત્યારે ઘી અને હવનસામગ્રી અગ્નિદેવના માધ્યમથી દેવતાઓ સુધી પહોંચે છે.



'ૐ નમ: શિવાય સ્વાહા' આનો અર્થ એ છે કે- 'હે ભગવાન શિવ હું આ આહુતિ તમને અગ્નિના માધ્યમથી સમર્પિત કરું છું.'

**'સ્વાહા' બોલવું જરૂરી' શા માટે છે?**

સમર્પણનો સંકેત : 'સ્વાહા' કહેવાથી આહુતિ પૂર્ણ માનવામાં આવે છે, તેના વિના આહુતિ અધૂરી રહે છે! મંત્રને પૂર્ણ કરે છે

વૈદિક મંત્રોની સંસ્થનામાં 'સ્વાહા' એક આવશ્યક સમાપન શબ્દ છે!

ઉર્જાને સક્રિય કરે છે- માન્યતા છે કે 'સ્વાહા' બોલતા જ મંત્રની શક્તિ જમા થઈ જાય છે !

સ્વાહા દેવીનું મહત્ત્વ - 'સ્વાહા' માત્ર એક શબ્દ નથી, પરંતુ અગ્નિદેવની પત્ની સ્વાહા દેવીનું નામ છે. માન્યતા છે કે દરેક આહુતિ સ્વાહા દેવીના નામથી જ દેવતાઓ સુધી પહોંચે છે !

અગ્નિ આપણી આસ્થાને દેવતાઓ સુધી પહોંચાડનાર માધ્યમ છે અને 'સ્વાહા' તે સમર્પણની મહોર છે!

- ◆ શ્રી કૃષ્ણની વાંસળીનું નામ :**સમ્મોહિની**
- ◆ ભગવાન શ્રીકૃષ્ણના ધનુષ્યનું નામ : **સારંગ**
- ◆ ભગવાન શિવના ધનુષ્યનું નામ : **પિનાક**
- ◆ શ્રીરામના ધનુષ્યનું નામ : **કોદંડ**
- ◆ અર્જુનના ધનુષ્યનું નામ : **ગાંડીવ**
- ◆ કર્ણના ધનુષ્યનું નામ : **વિજય**
- ◆ રાવણની તલવારનું નામ : **ચંદ્રહાસ**
- ◆ ભગવાન વિષ્ણુની ગદાનું નામ : **કૌમોદકી**
- ◆ ભગવાન વિષ્ણુની તલવારનું નામ : **નંદક**
- ◆ શ્રીકૃષ્ણના શંખનું નામ : **પાંચજન્ય**
- ◆ અર્જુનના શંખનું નામ : **દેવદત્ત**
- ◆ યુધિષ્ઠિરના શંખનું નામ : **અનંતવિજય**
- ◆ ભીમના શંખનું નામ : **પૌંડ્ર**
- ◆ ઇન્દ્રદેવના હાથીનું નામ : **ઐરાવત**
- ◆ ઇન્દ્રદેવના ઘોડાનું નામ : **ઉચ્ચૈ:શ્રવા**
- ◆ યમરાજના પાડાનું નામ : **મહર્ષિ**